R. N. B. 53 RAHENAJAT.

# રાહેનજાત.

મોઅમિનકે વાસ્તેયેહી રાહેનજાતહે=પડહકરઅમલકીયાકરેં જબતકહયાતહેં. ૩ કિં.

હિં. મૈં લાએગા વોહ યકીન કે જો ખુશસીફાતહે=ખિઝરેરહે બેહિશ્તયેહ રાહેનજાત હે.

અસ્સલામો અલયકુમ વરહેમતુલ્લાહ.

ઇલમ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીયાણા)

લવાજમ વર્ષે (હીંદુસ્તાનના રૂ. ૫)
આફ્રીકાના રૂ. પાત્ર

મહકાશીપ્રગટ કરનાર

અહલેબયતે અતહર અટના



હાજીગુલામઅલી હાજીઇસ્માઈલ

અધીપતી રાહેનજાત.

ભાવનગર-કાઠયાવાડ.

ઇસ્નાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ

ભારથર- ૩૨૭

જવાહીર હીરાના બટન અમારી પાસેમળે છે.
એમ. એચ. જે. રહીમાની ઠે૦ રાહેનજાત ઓફીસ.

# લાકીટમાં કુરઆને શરીફ.

આ-ખુશનુમા મનહર કુરઆને શરીફ આખું હાશીયા સુદ્ધાં સોનેરી શાહીથી છપાએલ છે, પુઠું સોનેરી ફુલવેલનું અને ડબ્બી પીતળની સોનેરી ગીલીટનીછે, કીંમત રૂ.૬) એજ સીફત પણ કાળી શાહીથી છાપેલું સોનેરી હાશીયો સહેત ડબ્બીના રૂ.રાા પો. જુદું. તથા સાદુ ડબી વીનાનું તાવીજ તરીકે રાખવા રૂ. ૧ાા પો. જુદુ.

એક ઈંચ લાંબુ તથા પોણી ઈંચ પોહળું અને અરધો ઈંચથી ઓછું જાડું છે. આ ચીત્ર જેટલુંજ કદ છે.



અજીજ વેલફુલ કીનારી તથા હાંશીયો સોનેરી બનેલછે અને અવુંજ ખુશનુમા છે. છેડામાં પણ રખાય છે. અને તાવીજ તરીકે પણ ગળા કે હાથમાં બંધાય છે.



આવી ડબ્બી છે, જેમાં દુરબીન છે તેમાંથી ઝીણાં હરૂફ ઘણાં મોટા વંચાય છે.

ચમકતા લાલ અકીકના ઘડીયાળના છેડા રૂ.રાા
અકીક, ફીરોઝાની રૂપાની વીંટીયો માલ તેવો ભાવ.

# અબ્જોતાવીજોનું એકતાવીજ.

આ બન્ને જાતના તાવીજોમાં ખાસ ઇસમ, દોઆ, સુકી કલમથી લખવામાં આવેછે. કે તે વાંચીશકેતહીં, તેથી ઘણો સારો અસરથાયછે, તે ધ્યાનમા રહે.

આ તાવીજથી ઘણા જણોને ઘણો સારો ફાયદો થયો છે. પહેલા નંબરમાં બસણી અઢી [illegible] મારે ઊમદા દોઆછે રૂ.૫) બીજાનંબરમાં ધારા મુજબ જે અમે છાપીએછીએ તેજછે, રૂ.રાા એ તાવીજ કાગળ ઉપર છાપેલનથી પણ પરહેઝગાર દીનદારના હાથે હરણનીઝીણીચામડી ઉપર કસ્તુરીના અરબીમાંખુશનુમાં લખાવેલુંછે.

તમામ બીમારીઓથી બચવા, જાદુ દુર થવા, જીન, પરીથી બચવા, કોલેરા અને પ્લેગથી અમાનમાં રહેવા, હમલને ખલલ ન પહોંચવા આપવા, બચ્ચાંઓને થતી બીમારીઓ, તેઓનું ભરાઇ જવું, સસણી વીગ દુરથવા, અને માલ ઇજ્જતમાં વધારોથવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનારછે. જમણે હાથેકેગળામાંમીણ વીગમાં પેક કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું, ખાસ કામ વખતે કે જાજરૂમાં જતી વખતેપાસે હોય તો હરકત નથી.

...ભાઈ મામદાણી
માળીયા (મીયાણા)

# આનો અર્થ તમોજ કરો.

અલઅઝીઝ જોડયા વાળાએ એક જણના કાગળમાં મુસાવાત તથા હાજી નાજીને જે ન છાજતા શબ્દો લખ્યા તે તો ઠીક, પણ તે સાથે લખે છે કે–

**"મોલવી નાસરહુસેનની કેવી ધજીયો ઉડવાની છે."**

કેમ સાહેબો ! જો સમજફેર હોયતો લખે કે એ જનાબની વાત અમારા ધ્યાનમાં આવતી નથી, પણ એક મહાન આલીમ સય્યદ મુજતહેદ નાએબે ઇમામને કેવાં તોછડા બેઅદબી ભરેલા અને હલકા શબ્દો લખીને તેમની **ધજીયો ઉદાડવા** માંગે છે ! તો આનું નામ હીદાયત કે ગુમરાહી ? હીદાયત કરેછે તે જાણીને સેંકડો રૂપીયાની મદદ કરનારા અવા શખસને તાબા કરાવશે કે આ મુજબ દીનમાં રખનો નખાવી ગુમરાહી ફેલાવા દેશે ?!

# આબીદુકોણસખી ઝડપેછે?!

બાળકો અને બાળકીયો રસકસથી ભરપુર વાર્તા વાંચતા જાય, અને સાથે સાથે ખુદાની માઅરેફત હાસીલ કરતાજાય, એવી મજાહની કીતાબ વકફ કરાવો કે તેથી અઝીમ હીદાયતનો સવાબથાય, તે "સુબોધવાર્તા" બહુજ ઉમદા છે, તેમાં ખુદાની માઅરેફતની અમુલ્ય દલીલો છે કે એ વાંચતાજ ખુદા[illegible] ઓળખે અને તેની માઅરેફત હાંસીલ કરે, તેની વધારે તાઅરીફ લખવાની જરૂરત નથી કેમકે આપ રાહેનજાતમાં વાંચી ચુકયાછો; તો તેની ૧૦૦૦ નકલ તાલીમુન્નીસાના કદમાં છપાવી છે, પેજ ૭૨ પોસ્ટેજ સુધા પાંચ આના રાખ્યા છે, પણ કોઇ વકફ કરવા સામટી લીએ તો ચાર આના પોષ્ટેજ જુદ[illegible]

# જંગે ખેબર.

એ અહવાલ બહુજ લંબાણથી છાપેલ છે, અને એ લડાઇનો ચીતાર જેમાં હ[illegible] અલી અ૦ દુલદુલ ઉપર બેસીને મરહબને મારેછે, તે વખતે જીબરીલ વી[illegible] આપનો ઘા રોકવા આવે છે, કોઇ જમીન ઉપર પાંખ આડી રાખે છે, કોઇ આપનો હાથ મુબારક પકડી રાખે છે, અને મરહબ પણ પોતાના પુર દમામમાં સામો આવે છે. યહુદીયો વીગેરે તમાશો જોઇ રહયા છે, વીગેરે આ પે[illegible] કરતા ડબ્બલ મોટો ચીતાર જાડા કાગળમાં છે કે એ ચીતારનાજ બાર આના થાય, તેને બદલે આ કીતાબનો રૂ. ૦ાા પો. જુદું.

**આગરા**માં જનાબ કાઝી સય્યદ નુરૂલ્લાહ સાહેબ (અ. મ.) ની દરગાહ ઉપર આવતા માર્ચની તા૦ ૨૪-૨૫-૨૬ મળી ત્રણ દીવસ મજલીસોનો મેળાવડો થશે, શરી[illegible] થવું હોય તેઓ જાય.

**મુંબઇ,** ખો. શી. ઇ. ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરી (વોલીયન્ટર કોર હસ્તક) [illegible] ગયા ડીસેમ્બરમાં ૧૬૨૩ ગ્રહસ્થોએ લાભ લીધો હતો.

# મેઅરાજુસ્સઆદાહ.

## ભાગ ૪ થો.

( ગઇ સાલના ૯ મા અંકના પેજ ૫૦૨-થી. )

## ફસલ ૬ ઠ્ઠી એકાંતવાસ.

અલ્લાહની મોહબ્બત મેળવવા ચાહે તેના માટે ખાસ જરૂર છે કે એકાંતવાસ રાખે, લોકોથી દુરી પકડે, કેમકે જો લોકોની સાથે બેસ ઉઠ રાખે તો ખુદાની સાથે સંપુર્ણ મોહબ્બત થવા નહીં પામે, અને લોકોની સાથે મશગુલ રહેવાથી તેનું દિલ તેમનામાં લાગ્યું રહેશે, પણ લોકો સાથે જરૂરત જેટલું મળવાનું રાખીને એકાંતવાસ રાખે તો બહુ ઠીક છે. કેટલાક લોકો એવા કહે છે કે એકાંતવાસ કરતાં લોકોની સાથે હળવું મળવાનું અને તેમની સાથે મોહબ્બત રાખવાનું વધારે પસંદ કરવા જેવું છે. કેમકે દુનીઆમાં લોકો સાથે મોહબ્બત કરવાની તારીફ આવેલી છે.

એ ભરમ ભાગવા માટે ખુલાસાની જરૂર છે, અને તે નીચે મુજબ છે—

૧ એકાંતની જે હદીસ ખબર છે તેથી જાહેર થાય છે કે એકાંત અને એકાંતવાસ બહેતર છે, કેમકે લોકો સાથે મળીને મોહબ્બત વધારવા કરતાં એકાંતમાં રહેવાની હદીસોમાં તારીફ આવી છે, અને એકાંતવાસથી ઘણા ફાયદા થાય છે, (જેમકે નીચે આવે છે.)

૨—અને એકાંતવાસ કરવા લોકો સાથે મોહબ્બત રાખીને તેમની સાથે મળીને રહેવા રીતે જે અફઝલ કહેછે, તે માટે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવે છે કે જે બંદો ખાનગીમાં પરહેજગાર હોય તેને ખુદા દોસ્ત રાખે છે, અને મહેનતમાં બેહતર એ મોઅમિન છે કે પોતાની જાત અને માલ થકી ખુદાની રાહમાં જહાદ કરે.

૩—એકાંતવાસ છે તે ઇન્સાન માટે રાહેનજાત છે, જેમકે હ૦ રસુલ સ૦ને કોઇએ પુછ્યું કે કેવી રીતે રહેવું બેહતર છે? તો ફરમાવ્યું કે પોતાના ઘરને ખુણે બેસીને દીનને સાચવો, અને પોતાના ગુનાહો માફ કરાવા માટે રડો, હ૦

ઇમામે જાઅફરે સાદેક અ૦મે ફરમાવ્યું કે ઝમાનો ખરાબ થઇ ગયો, અને બીરાદરોનો અહવાલ જુદાજ પ્રકારનો થયો, માટે દીલને શાંતીમાં રાખવા અને ખાતર જમાંથી રહેવા માટે એકાંત બેહતર છે, અને ફરમાવ્યું કે આ ઓળખીતા અને આશનાઓને મુકી આપ, અને તેમનાથી જુદો થા. અને આપે એમ પણ ફરમાવ્યું છે કે એકાંત છે તે ખુદાના કિલ્લામાંનો કિલ્લો છે, અને એકાંતમાં રહેનાર ખુદાના રક્ષણમાં અમાનથી રહે છે. માટે જાહેરમાંકે બાતીનમાં દરેકથી એકાતમાં રહેનારના માટે ભલાઇ છે.

હ૦ ઈસા અ૦ બીન મરયમે ફરમાવ્યું કે પોતાના દીલને દુરસ્ત કરવા માટે જીભને સાંચવી રાખો અને એકાંતમાં રહો, અને રીયાકારી ( લોકોને દેખાડવા માટે ) થી તેમજ નકકામાં ખરચથી બચતા રહો, અને પોતાના ગુનાહોથી રડો, અને જેમ ખરા વાઘથી ભાગો છો, તેમ લોકોથી ભાગતા ફરો કેમકે આગળના માણસો દવા સમાન હતા, અને હાલના માણસો બીમારી સમાન છે, અને રબીઅબીન ખશીમ કહે છે કે અગર બની શકે તો એવી જગ્યોએ રેહ કે કોઇ તને ઓળખે નહીં, તેમ તું પણ કોઇને ઓળખે નહીં.

એકાંતની જગ્યોમાં રહેવાથી અવયવ ગુનાહથી સલામત રહે છે, દિલ આરામમાં રહે છે, જીંદગી સલામતીથી પસાર થાય છે, શયતાનના હથયારો ભાંગવાનું કારણ બને છે, દરેક બદીથી બચાય છે, અને મન બહુજ શાંત રહે છે, દરેક પૈગમબર તેમજ પૈગમબરના વસી પણ પોત પોતાના ઝમાનામાં અવકે અવકે એકાંતવાસ રેહતા હતા.

એકાંતમાં રહેવાના ફાયદા ઘણા છે, જેમકે ઇબાદત માટે સારી ફુરસત મળે છે, ખુદાને યાદ કરવાનું, તેનો ઝીકર કરવાનું, તેની સાથે મોહબત કરવાનું, એકાંત ઉમદા સાધન છે, તેમજ તેની દરગાહમાં મુનાજાત કરવાનો વખત સારો મળે છે, ઉપરાંત એકાંતમાં બેઠા બેઠા તેની કુદરતની લીલાની સેર થાય છે, એટલે આસમાનો અને જમીનમાં તેણે જે અજાએબાગો બનાવી છે, તે વીશે વીચાર કરીને તે મહાન શકિત અને કુદરતવાળો હોવા વીશે વધારે ખાત્રી થઇને તેની માઅરેફતમાં વધારો થાય છે, એટલુજ નહીં પણ ઘણા ગુનાહોથી બચાય છે, એ શીવાય એ પણ ફાયદો છે કે ખરાબ સોહબતથી બચાય છે તેથી આદત સારી રહે છે, તેમજ લોકોને ખરાબ કામની મનાઇ કરવામાં, તેમજ નેક કામ કરવા કહેવામાં જે આફતો અને સુસ્તી કે અખાડા થાયછે તેથી પણ બચાય છે; અને ફિતના ફસાદથી છેટે રહેવાય છે. કોઇ સાથે દુશ્મની થતી નથી, કોઇથી ઇજા પહોંચતી નથી. લોકોથી તમા રાખવાનો મવકો મળતો નથી, ઝાલીમોના કામોમા ભાગ લેવાતો નથી, કોઇની ખોટી પક્ષ કરવાનું બનતું નથી, ફાસીકો, અહમકો, ઝાલીમો, વીગેરેની સોહબતથી બચાયછે.

૪-કેટલાંક આલીમોનો એવો મત છે કે એકાતમાં રહેવા કરતાં લોકોની સાથે હળીમળીને રહેવાથી વધારે ફાયદો છે; અને તે ફાયદો હદીસોમાં બયાન થીએલ છે, તેની રૂએ તેઓ એ મુજબ મત આપે છે, હાજીનાજી અરજ કરે છે કે દરેક મહુલ અને મવકો તેમજ ઇન્સાનની હાલત મુજબ તમામ બાબતોનો આધાર છે, એટલે જેનાથી ખલકતને હીદાયત થતી હોય, લોકોને ફાયદો મળતો હોય, તો તેના માટે લોકો સાથે હળી મળીને ચાલવું સારૂં છે, પણ જેનાથી મજકુર ફાયદો થતો ન હોય, બલકે લોકોમાં હળીમળીને રહેવાથી ગીબત થતી હોય, કોઇની તરફદારી કરવી પડતી હોય વાહીયાત કામમાં વખત પસાર થતો હોય, તો એના માટે એકાંત બહુજ જરૂરી છે.

પછી લખે છે કે એકાંત કરતા લોકોની સાથે હળીમળીને બેસ ઊઠ રાખવા માટે જે હદીસો આવેલ છે અને તેમાં જે ફાયદા બયાન થયા છે, તેથી તેને કેટલાંક આલીમો અફઝલ કહે છે, જેમકે હ૦ રસુલેખુદા સ૦એ ફરમાવ્યું કે મોઅમીન બીજાઓ સાથે મોહબ્બત કરે છે, બીજાઓ તેની સાથે મોહબ્બત કરે છે, ( તે ઘણું સારૂં છે ) અને જે શખસ લોકો સાથે દોસ્તી કરતો નથી. તે સારૂં નથી, અને હદીસમાં છે કે એમ પણ ફરમાવ્યું છે કે પહાડોમાં, અને છુપી જગ્યોએ રહેવાથી પરહેઝ કરશો, અને લોકોની સાથે બેસઊઠ રાખજો અને મસજીદોમાં નમાઝ પડવા હાજર થજો, પોતાના બીરાદરોથી છેટા પણું રાખશો નહીં, અને તેથી મતલબ એ છે કે લોકોને ઇલ્મ શીખવે મસાએલ બતાવે, અથવા સામા પાસેથી પોતે મેળવે, સારી અને નેક આદતો શીખે, સારી સારી વાએઝ સાંભળે, શીખામણો લીએ તેમજ જમાતની નમાઝનો, જનાઝા સાથે જવાનો બીમારોને જોવા જઇ, તનદુરસ્તોની મુલાકાત લઇને સવાબ મેળવે મોહતાજોની હાજતોને પુરી કરે, મઝલુમ ઉપર થતા ઝુલ્મને દફે કરે, મોઅમેનોને ખુશ કરે.

તેમજ પોતાના ગુજરાન માટે કામ ધંધો કરે, પણ લોકોના ફંદામાં આવે નહીં, ખરાબ કામમાં ફસાય નહીં, લોકો બદદોલે તેની ઉપર સબર કરે, ઇજા થવાથી ઘબરાએ નહીં, પોતે કોઇને ઇજા આપે નહીં, અને નમ્રતા તથા ખાકસારીથી વરતે.

હાસલ કલામ એકાંતમાં રહેવામાં, તથા જાહેરમાં હળીમળીને રહેવામાં, એ બંન્નેમાં કઇ બાબત અફઝલ છે તે એકદમ કહી નાંખવું ને ભુલ છે, કેમકે કોઇના માટે એકાંત અફઝલ છે કોઇના માટે એકાંત હરામ છે, જેમકે કોઇ એવો જાહીલ હોય કે ઊસુલેદીન કે ફુરૂએદીનથી વાકેફ નહોય, અદબ આદાબ વીગેરે અખલાકથા અજાણ્યો હોય, નેક અને બદમાં તમીઝ નહોય, તેવો જો એકાંત પકડે તો તે તેના માટે જાએઝ નથી, કેમકે તેને લાઝીમ છે કે આલી-

મની ખીદમતમાં જઇને જરૂરી બાબતની તઅલીમ લીએ.

તેમજ જેણે દીન ઇસ્લામની જરૂરી બાબત જાણી હોય, અને અલ્લાહુની મારફત મેળવી હોય, અને બાહેર નીકળવાની જરૂરત નહોય, તો તેવાએ એકાંત પકડીને ખુદાની ઇબાદત કરવી જોઇએ. ( અધુરૂં )

## ❀ બુરી ઈચ્છા, તેજ શયતાન સમાન છે. ❀

બુરી ઇચ્છાઓ આપણા નફસે અમ્મારામાંથી ઊત્પન્ન થાય છે અને આપણે તેજ નફસના હુકમો માનીએ છીએ અને તે જે પ્રમાણે હુકમ કરે તે પ્રમાણે વરતીયે છીયે, અફસોસ તે નફસના હુકમોનું અપમાન કરનારાઓની સંખ્યા ઘણી થોડી જણાય છે, અને તેના તાબેદારોની સંખ્યા બહોળી છે. માટે સરવે માણસોએ પહેલાં પોતાના નફસનો નાશ કરવો જોઇયે, કે તેમ કર્યાથી મોહટા મરતબા પ્રાપ્ત થાય છે, દીલમાં નુરેઇલાહી પ્રગટ થાય છે, રૂહને આરામ અને શાંતી મળે છે, શયતાન મલઉન આપણા શરીરમાં વાસ કરવા પામતો નથી, એને આપણાથી છેટેને છેટે નાસે છે, નફસને તાબે કરવા ધારે તો બની શકે છે, એવું હીદાયત પામવાનું કયું કામ છે કે જે કરવા ધાર્યું હોય અને તે પરવરદીગારની સહાયથિ પાર પડયું ન હોય ? માણસ જ્યારે ખોરાક ખાય છે અને તેમાં જો કદાચ જરા કાંકર કે કચરો આવી જાય છે ત્યારે તરતજ તેને કહાડી નાખે છે. તેજ રીતે આરીફ લોકો જ્યારે પોતાના નફસમાં કાંઇ ખરાબી જુવે છે ત્યારે તરત તેને ધીક્કારિ દુર કરે છે. શયતાન તે શું ? આપણો નફસ તાબે નહોય તો તે પણ શયતાનજ છે.

જ્યારે મુર્ખ અને અજ્ઞાન માણસો શરિઅતે મનાઇ કરેલાં કામો અને ગુનાહના કામો કરે છે અને જ્યારે કોઇ તેઓને ડાહ્યો આલીમ આખેરતના અજાબથી બીહીવરાવે છે. ત્યારે તેઓ નફસનો હુકમ માનવા ઠહ્યા અને મરતાંથિ તેને નકારતાં નથિ અને તે ખવાર બેઇજ્જત કરનાર તેમજ દુર્દશામાં લાવનાર ગુનાહને (મઆઝ અલ્લાહ) પોતા ઉપર શરિઅત તરફથિ ફરમાન રૂપ સમજે છે અને કહે છે કે એમાં તો શું થતું હશે કે શરિયતે તે બાબતથિ મનાઇ કીધી હશે? પણ તેઓ અકકલના બારદાન અને આંખોના આંધળા નાદાનિ અને અજ્ઞાનતાથી કાંઇ સમજતા અને જાણતાં નથિ, ઇસ્લામે કીધેલાં હુકમો તેમજ મનાઇયો સરવે દીન અને દુન્યાના આપણાજ ફાયદા માટે છે, અને તે સરવે બાબતો એટલી તો હીકમતો અને મસલેહતોથિ ભરપુર છે કે તેનું વિવેચન કરવા માટે જો આપણે દફતરોના દફતર ભરિ દઇયે તો પણ પાર ન આવે.

# વિશ્વ ધર્મ—ઇસ્લામ.

લી૦ વલીમોહમ્મદ સી. મોમીન મોઈને ઈસલામ.

## વિશ્વ ધર્મ મંડળની બીજી સભા.

( ગયા ૧૨ માં અંકના પેજ ૬૯૭ થી. )

મૌલાના="અને કર્તા-ઇશ્વરને કેવો માનોછો ?-આદિ કે અનાદિ ? એ પુછવું છે."

**મી૦ હઠયોગી** "ઇશ્વર તો અનાદિ અનંત છેજ."

મૌલાના="ત્યારે તમે ત્રણ અનાદિ અને અનંત વસ્તુઓને માનોછો ખરૂં કે નહીં ? ત્યારે એ ત્રણમાથી એ જગતનો કર્તા કોણ છે. ?"

**મી૦ હઠયોગી**="એક ઇશ્વર."

મૌલાના="આ જગત ચેતન (આત્મા) અને જડ (માયા) ના સંયોગનું બનેલું છે એ વાત ખરી" ?

**મી૦ હઠયોગી**="સત્ય છે."

મૌલાના=ત્યારે અનાદિ અને અનંત(In finite)ઇશ્વર પોતાના જેવી બીજી બે અનાદિ અને અનંત વસ્તુઓ ઉપર કેવી રીતે કાબુ મેળવી શકયો ? અનાદિ અનંત વસ્તુ એજ કહેવાઇ શકે કે જે પોતાની મેળે હસ્તીમાં (Self-exis tent) હોય. તેના સર્વ ગુણો પણ અનાદિ અને અનંતહોય, ત્યારે આ બે વસ્તુઓએ પોતાનું અનાદિપણું અને અનંતપણું કેવી રીતે ગુમાવ્યું અને કેવી રીતે અંતવાન (Finite) બની પોતાના જેવાજ ઇશ્વરના કાબુમાં આવી ગઇ ? તમે કહોછો કે અમારો વાદ એકજ ઇશ્વરવાદછે. તમેતો આવી રીતે ત્રણ અનાદિ અને અનંત વસ્તુઓ-જે હોઇ શકે નહીં, તર્ક, ન્યાય બુદ્ધિ જેને સ્વિકારી શકે નહીં, તેના ઉપાસક છો. એકજ વસ્તુ અનાદિ અને અનંત હોઇ શકે અને તેના વિના બીજું જે કાંઇ હોય તે આદ અને અંતવાન હોય. આપણે આ જગતની સર્વ વસ્તુઓને જોઇશું તો તે સર્વ મર્યાદિત (હદવાળી) અને અંતવાન માલુમ પડશે. આમ મર્યાદિત અને અંતવાન વસ્તુઓનું પૃથકકરણ કરતાં કરતાં આપણે એક અમર્યાદિત અને અનંત કારણ (જેને અલ્લાહ કહીએ છીએ) સુધી પહોંચીશું. ત્રણ અમર્યાદિત અને અનંત તો સંભવેજ નહીં. એક બે અને ત્રણની ગણતરીજ એક

બીજાને મર્યાદિત અને અંતવાન સાબિત કરેછે, માટે તમે એક ઇશ્વરવાદી કેવી રીતે કહેવાઇ શકો ? અને જ્યારે તમે એક ઇશ્વર વાદી નથી અને વળી પ્રજાકિય ધર્મના અનુયાયીઓ ત્યારે તમારો ધર્મ સ્વભાવિક ધર્મ નથી સામાન્ય ધર્મ નથી એ સ્પષ્ટ રીતે સિદ્ધ થાયછે."

**મી૦ હઠયોગી**=ત્યારે જો આત્મા અને માયા નહતા ત્યારે ઇશ્વરે સૃષ્ટિ શાથી રચી" ?

**મૌલાના**="આપણે સૃષ્ટિની રચનાના એક કારણ સુધી પહોંચી શકીયે-જે અનાદિ અને અનંત હોય. જગતનિ રચનામાં યુકિત અને યોજના જોઇ તેને મહાન યોજક, ચતુર, કુશળ, નિપુણ અને જ્ઞાની માની શકીયે. આવી અનુપમ રચના જોઇ તેને મહા શકિતવાન હોવો સમજી શકીયે. પણ તેણે સૃષ્ટિ શાથી રચી અને કેવી રીતે રચી એ ન કહી શકીએ. જ્યારે આ ન કહી શકીયે અને ન સમજી શકીએ ત્યારે બીજા કારણો (ઇશ્વરો) જે તર્ક બુદ્ધિ, ન્યાય અને અંતર્જ્ઞાન(Intuition)વિરૂધ્ધહોય તેવા યોજીએ એ કેવળ અધર્મતાજ કહેવાય

જો આત્મા અને માયા જેના આપણે બનેલા છીએ તે અનાદિ અને અનંત હોત તો આપણું જ્ઞાન પણ અનંત હોત, કારણ કે અનાદિ અને અનંત વસ્તુઓના ગુણ પણ અનાદિ અને અનંત હોવા જોઇએ. પણ આપણે અનુભવિયે છીએ કે આપણું જ્ઞાન મર્યાદિત અને અંતવાન છે. આપણું જ્ઞાન ઘેરાએલું હોઇ-અંતવાન હોઇ, જે અનંત જ્ઞાન છે તેને ઘેરી શકીયે નહીં, અને તેથી તેણે સૃષ્ટિ શાથી રચી અને કેવી રીતે રચી તે સમજી શકીયે નહીં, આપણે તો તેના મુળ એક કારણ સુધી પહોંચી શકીયે. આ મુળ—એક કારણ એજ સ્વભાવિક ધર્મ છે."

**મી૦ હઠયોગી**—"આત્મા અને માયા, અનાદિ અને અનંત ઇશ્વરમાંથી ઉદ્ભવ્યા છે, માટે તેને અનાદિ અને અનંત કહીયે છીએ."

**મૌલાના**="ત્યારે પહેલા એકજ અનાદિ અને અનંત ઇશ્વર હતો એ માન્ય રાખો છો ? જો તેમ હોયતો આ અગાઉનું તમારૂ બધુ કહેવું રદ થાયછે."

**મી૦ હઠયોગી**="શાથી રદ થાયછે ? અનાદિ અને અનંત વસ્તુમાંથી નીકળેલી વસ્તુઓ પણ અનાદિ અને અનંતજ હોય. બીજું સંભવેજ નહીં."

**મૌલાના**="આ નહીં સમજવાનાં આવે તેવું તર્કશાસ્ત્ર છે. વારૂ ! આત્મા અને માયાના સંયોગથી રચવાતું જે રૂપ બંધાયુ તે રૂપને-તે રચનાને 'આદિ' શામાટે માનો છો ? આ રચના-રૂપ પણ ઇશ્વરમાંથીજ બન્યું ને ? તેને શામાટે અનાદિ અને અનંત માનતા નથી ? એવી રીતે ત્યારેસર્વ સૃષ્ટિને અનાદિ અને અનંત કેમ માનતા નથી ?"

**મી૦ હઠયોગી**="તમે શું કહેવા માગો છો ? તમારી માન્યતા શું છે ?

**મૌલાના**="ખુલ્લી છે. જગતની ઊતપત્તિનું એકજ કારણ અલ્લાહ છે. આત્મા, માયા જે હોય તે સર્વ તેનું ઉત્પન્ન કરેલું છે. તેણે કેવી રીતે ઉત્પન્ન કર્યું તે કહી શકવું મર્યાદિત માણસની શકિત અને સમજ બહારનું છે."

**મી૦ નિરપક્ષપાતી**="એજ ખરો ધર્મ છે. જે વસ્તુ સમજમાં ન આવી શકે તેના સમજવાના પ્રયત્નો વ્યર્થ છે, અને તેવા પ્રયત્નો કરનારા, લોકોને સવળે માર્ગે ચઢાવવા કરતાં અવળે માર્ગે ચઢાવે છે—મતભેદ વધારેછે. અને છેવટે તેને માન્યતાનો વિષય બનાવી, ધર્મનું નામ આપી પોતાનો સ્વાર્થ સાધે છે."

**મી૦ હઠયોગી**="તમે સૌ મોલાનાના પક્ષપાતી છો. તમારા જેવાઓની સભામાં આવવું, બોધ દેવો એજ મુર્ખાઇછે. તમને લગારે તમારા ધર્મનો કે દેશનો અભિમાન નથી. તમે અંગ્રેજી કેળવણી લઇ સ્વતંત્રતાના નામથી અંજાઇ ગયા છો. ખરેખર આર્યવૃતની આથી વધારે દુર્દશા કળી શકાય નહીં. આપણા દેશના સત્ય ગુરૂઓ, મહાત્માઓ રૂષિઓ, મુનીઓને કયાંજ્ઞાન નહતું ? કે આપણે એક વિદેશીના વિજ્ઞાનના હાજતમંદ હોઇએ. ?"

**મી૦ નિરપક્ષપાતી**="અમે આપણા દેશના સત્ય ગુરૂઓ, મહાત્માઓ ઇત્યાદિ માટે ગર્વ ધરાવીએ છીએ, તેમના આપેલાં જ્ઞાન દાનમાં અમને આસ્થા છે. પણ તેઓનું જ્ઞાન તેના અસલ સ્વરૂપમાં લોકોએ રહેવા દીધું નહોય ત્યારે અમારે તેમનું શીખવેલું ખરૂં સત્ય શું છે તે શોધવુંજ જોઇએ." સર્વ મતાન્તરોને તો સત્ય નજ માની શકાય ?

**મી૦ હઠયોગી**–"ઇસલામમાં કયાં તફાઓ નથી—મતભેદ અને મતાન્તર નથી, ફિરકાઓ નથી ! ઇસ્લામમાં પણ અનેક પંથો ચાલુ થયાં છે. એ તમે કયાં જાણો છો ?"

**મી૦ નિરપક્ષપાતી**–"મૌલાના ! આ શું સત્ય છે?"

આ વખતે મૌલાનાને જે કુનેહ વાપરવી જોઇતી હતી તે વાપરી શકયા નહી. તેમને ધ્યાન રહ્યું નહીં. દરેક બેહસ કરનાર જે પોતાની સામેના પક્ષના બેહસ કરનારને મુઝવી રહયો હોય યાદ રાખવું જોઇએ કે હારતો હરીફ સટકવાનો કાંઇ ને કાંઇ લાગ તાકી રહયો હશે, અને તેથી તેણે ઘણી સમય સુચકતા રાખી ગાફિલ રહેવું જોઇએ નહી. મૌલાના ઘણા હુશિયાર વિદ્વાન અને ચાલાક હતા પણ પોતાની ધુનમાં આ બાબત જોઇ શકયા નહી, અને જવાબ દીધો કે--

"સત્ય છે. પરંતુ—"

હજુ મૌલાના બોલેછે તે પહેલાં લાગની તાકમાં બેઠેલા મી૦ હઠયોગીને

અનુકૂળ પસંગ પ્રાપ્ત થયો, તેઓ અવામ-અજ્ઞાન સમુહની પ્રકૃતિથી વાકેફ હતા અને તેમને એકદમ કેમ ઉશ્કેરવા અને પોતાના પક્ષમાં દોરી લેવા એ સારીપેઠે યાદ હતું તરતજ બોલી ઉઠયા—

જોઇ લેજો ભોપાળુ. ભાઇઓ! આ તમારા મૌલાના! સહુ ભેદ ખુલી ગયો અને ભોપાળુ ખુલ્લું પડયું."

આ શબ્દો વિજળીના વેગે પ્રસરી ગયા, અલ્યા ભોપાળું—જોયું ભોપાળું ચારે તરફ થઇ રહયું. પ્રમુખ ઘણા વારે છે પણ માને છે કોણ? ગડબડાટ અને કોલાહલ વધી પડયો, મૌલાના અને બીજાઓ ઘાંટા પાડી સમજાવે છે કે ભાઈઓ! સાંભળો—વાતતો પુરી સાંભળો. પણ મી૦ હઠયોગી પુકારે છે "સાંભળ્યા એવા ઢોંગ ધતીંગ, લોકો ગાંડા નથી કે છેતરાય." શું થયું જોવા ઘણા લોકો ઊભા થઇ જાયછે, અને સાંભળો સાંભળોની બુમો પાડે છે, પણ સાંભળે કોણ?

ભોપાળું—અલ્યા ભોપાળુ તો થતુંજ હતું. એમાં સાંભળો સાંભળો—બેશી જાઓ, બેશી જાઓનો શોર વધ્યો. વોલન્ટીયરો ગભરા થઇ તેમને બેસારવા આવે છે. એમ લેટમ લેટા થાયછે. તેવામાં કોઇએ વચમાં પગરખું ફેંકયું. પગરખાનું આવવું હતું કે કુરશીઓ ઉછળી. આંકડીઓ અને ખડીયા ફેંકાયા અને ખાસી અંધાધુધી ચાલી. નાસમ નાસા શરૂ થઇ, પ્રમુખ ભીડમાં હડસેલાં ખાઇ કયાંના કયાં પહોંચી ગયા. મૌલાનાની પાઘડી ગળામાં ઉતરી પડી. મી૦ નિરપક્ષપાતી કચડાઇ ગયા. અને આખી સભા એવીજ અવ્યવસ્થા અને તોફાનની શીકાર થઇ છીન્ન ભીન્ન થઇ ગઇ, જે કાર્યમાં જાહેલ અને અજ્ઞાન સમુહ હોય અને તેનો આગેવાન કોઇ સ્વાર્થિ પણ દાનો હુશિયાર ચાલાક અને સમય સુચક હોય તે સારામાં સારા કામને પણ આવી રીતે જોત જોતામાં બગાડી નાખેછે. ઊંચામાં ઊંચ હેતુ-આશય અને ઉદ્દેશ નાશ કરેછે.

લોકોએ ઘણીવાર કોઇ નિખાલસ મનના ઊંચ પ્રકૃતિ અને સંસ્કૃતિના નિસ્વાર્થિ માણસે પોતાને આગેવાન બનાવેલ હોયછે. એક વખતસુધી લોકો તેનાથી દોરવાયછે, કેટલીક વાર તે પોતાની ઇચ્છા વિરૂદ્ધ લોકોની મરજી રાખવા લોકોથી દોરવાય છે તોપણ તેવો માણસ ઘણીવાર લોકોનાજ હાથથી પડેછે અગર માર્યો જાયછે. આજ પણ લોકો એટલે સમુહ એજ માર્ગે ચાલતો જોવાયછે. તવારીખનો આ ક્રમ અચળ છે, તવારીખની સમાનતા સર્વ કાળમાં રહેલી છે. લોકોની બહુ મતિવાળા રાજ્યતંત્રની સ્થાપનામાં આવો ભય કાંઇ જેવો તેવો હોતો નથી. અજ્ઞાન—બિન સમજના—જાહેલ અને આવેશોને વશ લોકોને જવાબદાર હોય તેવું રાજ્યતંત્ર સ્થપાય એ કરતાં ખુદાને—આ જગતના માલિક ને જવાબદાર હોય એવું રાજ્યતંત્ર સ્થાપી શકવાની જો કોઇ રીત કે

યુક્તિ કાઢી શકાતી હોય તો એ વધારે પસંદ થાય અત્યારે લોકોના જથા બદાર બહુમતિવાળા રાજ્યતંત્રમાં જગતનો ઉદ્ધાર હશે પણ તેવું રાજ્યતંત્ર અચળિત—જાથુનું અને હમેશ નભનારૂ હોવાની કશી ખાતરી રાખી શકાશે નહીં. No taxa tion Without representation લોકો ઉપર લોકોની મરજીથીજ કર નાખી શકાય એ નિયમ તદ્દન ન્યાય યુકત છે, અને તેથી વહિવટદાર અગર સરકાર લોકોને જવાબદાર હોય એપણ માન્ય છે. પરંતુ કર ભરનારો કર ભરેછે એટલે તેને મત આપવાનો અધિકાર પ્રાપ્ત થાયછે, ત્યારે આ સૃષ્ટિ જેની બનાવેલી છે-આ સૃષ્ટિ જેની મિલકતછે—આ સૃષ્ટિ માંહેની દરેક વસ્તુ જેના કબજાનીછે તેવા આ સૃષ્ટિના માલિકના મતની પ્રાપ્તિ વિશે આપણે શું કર્યું છે? જેની મિલકતછે તેની મરજી કે મત વિના આપણે તેની મિલકતનો વહિવટ કરીએ એ શું અન્યાય નથી? માટે પ્રથમ માલિકને જવાબદાર અને પછી લોકો પુરતું લોકોને જવાબદાર રાજ્યતંત્ર સ્થપાય તોજ કાંઇ ઉધ્ધારનો માર્ગ મોકળો થાય, નહીંતો નવા નવા અખતરા કરે જવા અને હેરાન થતા જવું એજ નસીબમાં રહેશે.

વિશ્વ ધર્મ મંડળની સભા વિખરાઇ ગઇ પણ તે સભામાં હાજરી દેનારાઓ અનેક અફવાઓ ઉરાડવા લાગ્યાં તે સભામાં હાજરી દેનાર પોતે આશ્ચર્ય યુકત થઇ પુછતો કે ભાઇ તોફાન શાથી જાગ્યું, તે કાંઇ સમજાયું નહીં? બીજો કહે કે ભોપાળું ભોપાળું કહેવાતું હતું, ત્રીજો કહે કે પ્રમુખસાહેબે કાંઇ કટુ શબ્દ ઉચ્ચાર્યો હતો. ચોથો કહે કે એ બધાં નિરપક્ષપાતી ભાઇના છાંટા હતા. પાંચમો કહે કે મૌલાનાનો ચોખ્ખો પક્ષ કરવામાં આવતો હતો. સભામાં ઉશ્કેરાઇ જઇ તોફાન કરનારા પોતે તોફાનનું કારણ શોધતા હોય એ તેમની બુદ્ધિની ખુબી નહીં તો બીજું શું? બીજે દિવસે છાપાઓમાં મોહટાં મોહટાં આર્ટીકલો લખાયા. કોઇનું હેડીંગ "વિશ્વ ધર્મ મંડળમાં ફુટફાટ" કોઇનું "મી૦ હઠયોગીની ખુલ્લી જીત અને મૌલાનાની હાર" ત્યારે કોઇનું હેડીંગ "વેદાન્ત ધર્મનો જય અને ઇસ્લામનો પરાજય" કોઇએ ચીતર્યું "મી૦ હઠયોગીએ આર્યાવર્તની સાંચવેલી આબરૂ" ત્યારે કોઇએ લખ્યું "શરમાઇ ગએલો મુસલમાન મુલ્લાં," વળી એક પત્રે તો મી૦ હઠયોગીને હિંદુ સમાજ તરફથી પબ્લિક માન પત્ર આપવાનું અને તેમનો વરઘોડો કાઢવાનું સુચવ્યું. બીજી તરફ મુસલમાન પક્ષ ઉશ્કેરાઇ ગયો. તેમણે મારવા મરવા તૈયારીઓ કરવા માંડી. દીન જગવવા ઉભા થયા. સ્થાનિક સરકાર ગભરાઇ-મીલીટરી બોલાવી. તેણે ગામનો કબજો લીધો. લોકોએ હડતાલ પાડી મી. વિશ્વ-

પ્રેમી અને તેમની પાર્ટી આ સર્વ જોઇ હૈરતમાં આવી ગઇ. સરકારે તેમને બોલાવી ઘણા ધમકાવ્યા. મૌલાનાના સલાહનો ભંગ ન થાય એમાટે રૂા. ૨૦૦૦) ના જામીન લેવાયા. તેમણે ઘણું સમજાવ્યું કે આમાંની કશી હકીકત ખરી નથી તો પણ વાત ગળે ઉતરે શાની ? વિશ્વધર્મ મંડળે ખાનગી સભા ભરી તો આર્ય સમાજે પોતાની સભા બોલાવી આખરે બહાર ગામના લીડરો મો. વિશ્વબંધુ, મી. દેશહિત ચિંતક મી. શાંતિરાય દોડયા આવ્યા. પુરા એક અઠવાડીયાની હડતાલ અને ધમાલ પછી સમાધાન થયું. હિંદુ મુસલમાનોનો હસ્તમેળાપ કરાવવા બંન્ને પક્ષ તરફથી પાર્ટીઓ અપાઇઃ હિંદુ-મુસ્લિમ એકયતાના જયનાદ થયા. હિંદુઓએ અલ્લાહો અકબરના મુસલમાનો એ વંદેમાતરમના પોકારો કર્યા. ખરેખર જન સમુહના સ્વભાવની વિલક્ષણતા તો ન્યારીજ છે.

# તોહફતુન્નીસા

(બાનુઓને તોહફો)

મ્હારી ડાહી દીકરી!

આકળા ગુસ્સાભર્યા સ્વભાવથી તું ત્હારાં હૃદયને તેમજ મસ્તકને દુરની દુર રાખજે, આકળા સ્વભાવથી આપણી બુધ્ધી પણ જતી રહે છે, ચરસ, ચકુનમ,અને છંદનો ઉત્પાત ત્હારી આખી જીંદગીના સઘળા દીવસોને સંતાપ કરાવતા રહેશે, તને જે દુઃખ થાય તે દુઃખ ઉપર કીનો લેવાનું મન તું હરગીજ કરતી ના. શત્રુ વગરનું જીવન સુસ્ત છે, માટે સાસરામાં કોઇ શત્રુ થાય તો તેની સાથે વધારે મમતાથી વતરજે; પછી તેજ બમણી મેળે કહેવાયને પણ ત્હારૂં સહિયારૂં શોધશે. કટ્ટો દુશમન તુર્તા તુર્ત મિત્ર થતો નથી, માટે ફરી ફરી કોશીશ કરજે દીકરી. કોઇ નિંદા ત્હારી કરે, તો ખામુશી અખ્તયાર કરજે પારકાંના ટોણાં ટપલાં ને મ્હેણાં, કડક શબ્દો, ખરા ખોટા ઠપકા, અને ઊપજાવી કાઢેલી ગીબત ને નિંદાથી આપણને ઘણી રીસ ચઢે છે, પરંતુ યાદ રાખજે બેટી, કે પરાયાં મહેણાં ટોણાંથી જેટલી ત્હારી ખરાબી થશે નહીં, એટલી વિશેશ ખરાબી ત્હારા સામા ગુસ્સાને સામાં ટોણાં મ્હેણાંથી તનેજ પહોંચશે, પરંતુ જેઓ નિંદા કરે તેને "છો બોલતાં"! એમ કરીને ગણગોવાર રહેશે, તો સામું તે નિંદકોનેજ દુઃખ પહોંચશે. તું જો પછી તેમની બદગોઇ કરી વેર વાળવા જશે તો તે શત્રુઓની તુંજ ચઢતી કરી આપી તેમનું ચઢી વાગવાનું

કરશે. તેમની બદગોઇમાંથી પણ કાંઇ સારો સાર ગ્રહણ કરી લઇ જુઠાંણાંને ખંખેરી દેજે.

ફલાણી આમ બોલી. અમુકે મ્હારા ઉપર જુઠું જોડી કાઢ્યું, તરકટ ઉભું કીધું, વગેરે વગેરે મ્હારે ત્યાં આવીને કોઇની પણ રાવરાણી કરીશ નહીં બા. ત્હારા વહાલાંઓની ઘડી ઘડી આ જાતનો સંતાપ કરાવીશ નહીં બેટા. ત્હારી મુશ્કેલી બનતા સુધી તુંજ ભોગવી લેતા શીખજે. કોઇ સાસરામાં જરા જેટલી ભલાઇ કરે તો તે ભલાઇની પુઠે બીજી વધારે જોરાવર ભલાઇનો હડસેલો મારજે, ત્યાં સુધી કે તું ત્હારૂં ધાર્યું પાર પડે, ટીપે ટીપે સરોવર ભરાય, એ ઘસાઇ પિસાઇ ગએલી ન્હાની કહેવત ઉપર વિચાર કરવાને ઘણો વખત ફાજલ પાડજે.ચાલુ મમતા આયાથી સખ્ત પત્થર પણ પિગળે. તું જે કાંઇ કાર્ય કરે તે ઉમંગથીજ કરજે, નહીં તો તે કરતીજ ના. જે છોડીને નિશાળમાં સોટી મારીજ કરવામાં આવે તે પોતાનો પાઠ કદીએ સારો કરતી નથી. એક માણસને કામ કરવાની તેની મરજી વિરૂદ્ધ ફરજ પાડવાથી તે અડધું ફડધુંજ કરે છે. જરૂર તે આરસાનો કાંચ પણ ભાંગશે, કામ સારૂ થાય છે કે કેમ તેની તેને જરાએ પરવા રહેતી નથી. જેણી પોતાનો પેટીકોટ હાંસે હોંસે ઉતારે છે, તે પેટીકોટની બોંય ફાટતી નથી જેણી કામ કરતા ખુદાને યાદ કરે છે તેણી પોતાનું કામ આખું કરે છે. તું ગમે એવું સારૂં ઠીકઠાક કામ કરીશ તોએ સાસુજીને તો મનપસંદ લાગવાનું નથી. પણ ચિંતા નહીં. તેવણનું અંતઃકરણ તો બધું બરાબર સમજે છે, જ્યારે વાંસ ઉપર કે દોરડાં ઉપર નટણી તરેહવાર જીવ જોખમના ખેલો કરે છે, ત્યારે હેઠળ ઊભેલા ઢોલક વજાડનારને પુછે છે "કયું નાયકજી ? કયસી અચ્છી ભઇ" ત્યારે ઢોલકે ઠોકીને નાયક તો ઊલટો કહે છે કે; "ન બહું- ન બહું !" યાને કે ; હજી બરાબર નહીં. મ્હારે મન પસંદ નહીં. મને સંતોષ મળતો નથી ! તેમજ તુ. સાસરામા ઘણાં ઘચાં પટકાઇને ઝાંખાઇ જશે. પરંતુ કોઇ સારા શખુન તો નહીંજ બોલશે, પણ ઊલટી કાંઇ ખામીજ કાઢશે. તેની ચીંતા નહીં દીકરી ચાવલની હાંલ્લીમાં નિમક સમાય, પણ નિમકની હાલ્લીમા ચાવલ નહીં સમાય.

"હરીં કસ કે અઝ કાર દીદેહસ્ત રંજ;
બે બાયદ બ અંદાજએ રંજ ગંજ"

તેં જેઃકાંઇ કામ કરવા પાછળ મહેનત મશાગત ને રંજ પેંચી હશે, તેનો બદલો ત્હારી જેહમતના બદલામાં મળ્યા વગર રહેનાર નથી. એમા સત્ય કરીને જાણજે. એક ગંદું પક્ષી પોતાનો આખો માળો ગંદીલો કરી મેળેછે. એક નાશકારક કૃત્ય એક વ્યકતિને કે એક આ ટોળાને નાશકારક થઇ પડેછે. એક નઠારી વહુ હોય તો એક આખા કુટુંબને નઠારૂં બનાવી દેછે. ડાર્નલેનું મોત નિપજાવનારી નેતા લેખે સ્કોત્સ લોકેની રાણી મેરીને ધારવામાં આવી હતી.

જે ઊપરથી જોન નોક્ષે મેરીને મહેણું મારીને હિંમતથી કહયું હતું કે; " હે ગંદીલાં પક્ષી ! તેં ત્હારે હાથેજ ત્હારો માળો બગાડયો છે! " દીકરી ! તું ત્હારો માળો કહેતાં સાસરયાંને ગંદીલું કરીશમા. સારા સજજન લેખે તું બુન્યાદનું ફરજંદ કહેવાઇશ તો ત્હારૂં સુળ પારસમણી જેવડું અંકાશે તું સુઘડ ને સદા ચરણી રહીશતો આખાં સાસરિયાંનાં સદવર્તણ કરી શકીશ. પારસમણિનો સ્પર્શ થતાંસાંજ જેમ કથીર હોય તે પણ કંચન બની જાય છે, તેમ ત્હારા જેવી સુજનના સદગુણી સમાગમથી ને સારા સહવાસથી સાસરામાં વેરભાવ, કીના કપટ, ને કજીઆ કંકાશ હશે તેને પણ તું સંપમાં ફેરવી શકીશ. ત્હારી કિંમત કોઇ અજ્ઞાન ઝવેરી ઓછી આંકશે તો તેથી કાંઈ ત્હારી કિંમત ઘટી જવાની નથી; બલકે તે ખોટા ઝવેરીઅનુંજ તોલ થઇ જશે. કોઇ દેરાણી જેઠાંણી કે નણંદ ભોજાઇ ત્હારી બદગોઇ કરીને ત્હારી કિંમત ઉતારી પાડવાના ફાંફાં મારશે તો તેઓ પોતાનીજ જાત જણાવશે. કોઇ નહીં જાણશે તો ખુદા તો જાણશે; એવો સંતોષ લેજે દીકરી ચાપલુશીખોરાં બોલનારાઓથી કદાચ સાસુ સસરા ઠગાશે, પણ ખુદાયજી કાંઇ ઠગાય એવા નથી. હે ખુદા! તું તો કોઇથી ઠગાય નહીં એવો, ભુલથાપ ખાઈ જાય નહીં એવો અક્કલવાળો, કોઇનાથી ભુલાવો નહીં ખાય એવો, અને સઘળું સમજનારો સર્વજ્ઞ છે. આપણે કહીયે છીયે કે " વ-માં-તવફીકી-ઈલ્લા બીલ્લાહ-વલા-નસતઇનું ઇલ્લા-ઇય્યાહો ! "=મને તોફીકનો બક્ષનારો એકલો પાક પરવરદેગાર છે. અને સર્વ મ્હારા કાર્યમાં તેના શિવાય કોઈ મ્હારો બીજો મદદગાર નથી મ્હારી વ્હાલી દીકરી ! મ્હારી આ શિખામણો ત્હારી પરણેલી નવી જીંદગીનાં તને કામ લાગે અને તું સુખી થા તો ત્હારા બુઢા બાપને કેટલો સંતોષ થશે તે હું તને શું કહું ! દીકરાજી જા પાછી સાસરે જા, બહુ કહેલું એક કાને સાંભળી બીજે કાનેથી કાઢી ન નાખીશ. સુખી રહે બેટી. ફરીની ત્હારાં વ્હાલાંઓને મળવા આવીશ ત્યારે વળી નવી નવી વાતો તને કહીશ.



# નુરે ઈમાન.

રવશન દિલોંકોકરતાહે ઇસકાયેહનુરહૈ=શીઓંકો'નુરેઇમાંકા' પડહના ઝરૂરહૈ.
નાઝીરકા ચેહરાગૈરતેમાહેમોનીરહો=પડહલેજો'નુરેઇમાં'તોરવશનઝમીરહો.

## ઈદુઝઝોહા તથા ઈદેગદીર મુબારક.

પીલા સાકીયા જામે ખુમ્મે ગદીર,
કે હૈદર હુવે આજ કુલકે અમીર❀
કહકે દીન હો રહા હે રહમતે હકકા નોઝુલ❀
રૂ શીગુફ્તક યું નઝર કરતે હૈં મોમીન, જૈસે ગુલ❀
હો મુબારક ઇદ તુમકો કીજીયે તોહફા કોબુલ❀
આજ તુફયલે મુસ્તફા, વ હૈદરો, આલે રસુલ❀
ફલકપર દમાગે સરીર આજ હૈ=જુલુસે જનાબે અમીર આજ હૈ❀
ઈમામતકા પાયા ગયા અર્શપર=હુવે તખ્તપર મુરતઝા જલવાગર❀
ઇસી દીન નબીકો રીસાલત હુઇ=ઇસી રોઝ મેઅરાજો બઅસત હુઇ❀
કોઇ દિન નહીં બેહતર ઇસ રોઝસે=કે રંગી હે સબ રંગ નવરોઝસે❀
બડા મર્તબા ઇસકા હે પેશે ઇલાહ=યેહી રોઝ રોઝોમેં હે મીસ્લે માહ❀
થા યેહ કલામે ખાસ અલીકા મીયાને આમ,
કુરઆન કલામ હકકા હય ઔર હક હય લાકલામ❀
મુજહપર હય ઇલ્મે અવ્વલ વ આખેરકા ઇખ્તેતામ,
અલ્લાહકા કલામ મૈં નાતેકહું. ઔર ઇમામ❀
હોતા સવાર જબ વોહ ઇમામે અનામ થા,
ઉઠતેહી ઉઠતે, ઉંટકે કુઆં તમામ થા❀

એટલે હ૦ અલી અ૦ ફરમાવતા હતા કે કુરઆન અલ્લાહના કલામછે, અને તે ચુપછે, (પણ એ કલામ બોલતા નથી) અને હું અલ્લાહના એવા કલામ છું કે બોલું છું, એટલુંજ નહીં પણ ઇમામ છું, અને તમામ અવ્વલ તથા આખરના ઇલમનો મારી ઉપર ખાતમો થયો છે, શાએર એ જનાબ વિષે કહેછે કે આપ જ્યારે ઉંટ ઉપર સવાર થતા હતા ત્યારે કુરઆન શરૂ કરતા હતા, પણ હજુ ઉંટ ઉભો થતો હતો ત્યાં આપ કુરઆન ખતમ કરતા હતા.

# ફઝાએલ વ મસાએબ.

સાઅશુકે નબી આશીકે યઝદાં હે યદુલ્લાહ
હાફીઝેદીં સુરતીએ કુરઆં હે યદુલ્લાહ.
માનીંદે નબી રવનકે ઇસ્લાં હય યદુલ્લાહ,
શીએોંકા શકનશાહય સુલ્તાં હય યદુલ્લાહ.
એઅજાઝે યદુલ્લાહસે યેહ હસરત હે જહાંકો
હક્કાકે મુખનદહાં કીયા મુજહ હીસ સદાંકો....૧
કુરઆંકે હરફોંસે અયાં શાને અલી હય
ખુદ ખાલેકે કવનૈન સનાખ્વાને અલી હય.
જીનો મલકો ઇન્સપે એહસાને અલી હય
ફીરદવસભી એક ગોશએ દામાને અલી હય.
ફરબેસે અલીકે કોઇ આગાહ નહીં હય
મુખ્તારે દોઆલમ હય યે અલ્લાહ નહીં હય...૨
બીસ્મીલ્લાહકે કુરઆનકે હરફોંકા બયાં હય
બેશુબ્હ અલી-બાઇસે ઇજાદે જહાં હય.
પર "બે"સે યેહ ઝાહીર કે અસાને પીસે જવાં હય
ઝાહેર શહેદી પરતો હરેક રાઝ નેહાં હય.
બાલાએ ફલક ઇન્કીજો તસ્વીર ખીંચી હય
વલ્લાહ યેહ અસરારે જનાબે અહદી હય....૩
ફીર "બે"સે ઇશારહ યેહ બરસદ જો હો હશમ હય
બાકી જહાંકે નીઆમે ઇન્કા જો કદમ હય
અહદસ ઇનકી જુનુબીકી ફીરીશ્તોંમેં બહમ હય
બખ્શીશકા વસીલાભી હય ખાલેકકી કસમ હય.
બાહેર કભી મુત હોતે ન ખાલેકકે મકાંસે
પસ મુતકો બહર કર દીયા હયદરને વહાંસે....૪
બાહેર કીએ કાબેમેંસે સનમ બહરે કરમને
રોશન કીયા હય ઉસકો ફકત ઇન્કે કદમને.
મુનજ્જમે હક માના કીયા શાહે ઉમમને
બા જાહો હશમ 'બે' કો નીકાલા હય યેહ ઉસને.
બેહતર કોઇ દુન્યામેં નહીં હકકે વલીસે
બાકી કો જો પહોંચ તો બસ ઝાતે અલીસે
અબ "સીન"કા હય કૌલસરે ઇજઝ ઝુકાદે
સરદારે દો આલમકે ફઝાએલ તો સુનાદે.
ખુશ અહમદે મુખ્તાર હો હક તુજહકો સીલાદે
અસરારે ઇલાહી હય યદુલ્લાહ બતાદે.
ઇસ સીનસે સરદારે દો આલમ હુએ મૌલા.
સબ સચ હય કે અલ્લાહકે હમદમ હુએ મૌલા....૬
અય નેઅમતે અબ મીમકી મેં શરહ કરૂંગા
હે સાહેલીયાસ ઓર મોહર મસે ઇશારા.
મસ્જીદમેં ગએ બહરે નમાઝ સરવરે આકા.
નાગાહ પીસરે મુલ્જીમે બદઅસલી આયા.
મશગુલ તો હયદર થે ઇબાદતમેં ! ખુદાકી
મઅસુમ હય સરકો જો સીતમગરને જફાકી....૭

સલતનતે સીજદેમેં વોહ તલવાર લગાઇ
જો ઝદરમેંથી આહ સીતમગરને છુપાઇ
જીબ્રઈલને ઉસવકત યેહ આવાઝ સુનાઇ
મારા સેરે ફૌસ્તાહકો અલ્લાહ દોહાઇ.
સાકે રમઝાંથાકે કઝા કર ગએ મેલા
આખેર ઝમાના હુવા બસ મરગએ મોલા....૮
અબ મીલાકે હય માહે ગોહરે કા ઇશારા
જીસ માહમેં અહમદકા નીશાં મીટ ગયા સારા.
મહરૂમ રહા આખેરી માઅબુદકા પ્યારા
કીસ જુલ્મો સીતમસે ઉસે જલ્લાદને મારા.
મુતલક ન કીયા ખોફ ગોહરૂમદકા, ખુદાકા
લાશા કીયા પામાલ ઓઇનુઝ ઝોઓદકા....૯
મઝલુમકે ઐસેકો લઇનોંને જલાયા
ઝાલીમને તમાંચોંકી સકીનાકો લગાયા.
ઓર આગીકે બીમારકોભી તોક પીન્હાયા
નામુસકો સર બરેહના ઉંટોંપે ફીરાયા.
મકતલપે ન કરને દીયા આલમકી કીસીકો
મહરૂમ ઝીયારતસે રખા આલે નબીકો....૧૦
અબ સીપે સોઅખબરકા તો મઝમુન ગઝબ હય
હરદમ યેહી કેહતા યેહ બસદ રંજો તઅબ હય.
શેહ મરગએ દરબારમેં ઝયનબકી તલબ હય
ના મહરમોંમેં બીન્તે શહનશાહે અરબ હય.

મારે ગએ શબ્બીર મુસીબતકી ઘડી હય
વોહ લબ શહેવાલાકે વોહ ઝાલીમકી છડી હય.૧૧
અબ શીમ્રસે મઝલુમને કયામતકા હે ઇન્કાર
દરબારે લઇમેં જો ગએ ઇતરતે અત્હાર.
કયા દેખા કે સબ કુરસીયોંપે બેઠે હય કુફ્ફાર
ઓર તખ્તપે બેઠા હુવા હય હાકીમે ગદ્દાર.
અબવાઓ જફા ઓર સીતમ બોલ રહા હય
બીદઅતકે લબે શાહે ઉમમ ખોલ રહા હય...૧૨
યેહ દેખકે ઝયનબપે તો રીક્કત હુઇ તારી,
સર પીટ્ટી બંધે હાથોંસે વોહ દર્દકી મારી.
ચીલ્લાઇ કે અલ્લાહસે ડરતા નહીં નારી,
યેહ ચોબે સીતમ ઓર યેહ લબે આશીકે બારી.
જબ મહકમએ હશ્રમેં તું આએગા ઝાલીમ*
ઇસ જુલ્મકી ઉસ રોઝ સઝા પાએગા ઝાલીમ* ૧૩
યેહ સુનકે સીતમગરને તબ શીમ્રસે પુછા,
યે કોન હય જીસકો નહીં કુછ ખોફ હય અસલા.
તાઅઝીમ મેરી ઓર ન આદાબ હય મેરા,
કયા કયા કલામ ઇસને કીએ બે અદબાના.
હાકીમસે જો ઇસ તરહ યેહ સર ગરમે સુખન હય*
હાં કત્લકે લાએક યેહ સીરફ્તારે રસન હય* ૧૪
નાગાહ નીદા ગયબસે આઇ કઇ બારી,
કયા કરતાહય કયા કરતાહય અય ઝાલીમા નારી.

હુન્યા હુઇ નાબુદ અગર યેહ ગઇ મારી,
યેહ બીન્ને નઆ઼ી ફાતેમાહ ઝહરાકી હય પ્યારી.
ખુઆ઼રી પયમબરકી મુસીબતમેં ખડી હય
સર નંગે નવાસી યેહ પયમબરકી ખડી હય ૧૫

—•∞∞∞•—

## મુજરા.

જો ખાકે પાકકા અબ મુજરઇ રૂતબા સમજતે હંય,
અગર ઇકસીર હાથ આએ તો ખાકેપા સમજતે હંય.
કમરકો દાગ માતમકે મુકાબિલ કયા સમજતે હંય,
કે હમ ઉસકો રીદાએ શબ્બકા એક ધબ્બા સમજતે હંય.
ન સમજાનેસે સમજહેં અહલેદુન્યા યેહ સમજ ઉનકી,
સમજતે હેં જો આપકો અચ્છા સમજતે હંય.
નીકલ અબ કતરએ અશ્કે અબા દોઝખકો ઠંડા કર,
ગુલામે સાકીએ કૌસર તુજહે દર્યા સમજતે હંય.
દુરે ચહવારકી લડીયાં ન કયુંકર તોડકર વારેં,
શરફ તસબીહે ખાકે પાકકા દાના સમજતે હંય.
સફાઇ દિલકી દેખો કયસે મોઅમીન બે તકલ્લુફ હંય,
કલામે ગયરકો જો સાફ સાફ અપના સમજતે હંય.
બહોત ખુશહાલ હેં હમસાયએ શબ્બીર તુરબતમેં.
રખાકે શાહકે ગુલદસ્તેકો તુબા સમજતેહેં

નબીકે કલસાગો મોહલત નહીં દેતે ઇબાદતકી,
મઆઝલ્લાહ સીબ્તે મુસ્તફાકો કયા સમજતે હંય.
ગઝબ હય બેરીદા ઉસકો લઇ કુફેમેં લેજાએં,
જીસે પયરવ અલીકે સાનીએ ઝહરા સમજતે હંય.
અકર કેહતીથી કયા જાંબાઝ હેં અનસાર હઝરતકે,
કુછ અયસે મુતમઇન હેં રનકો ઘર અપના સમજતે હંય.
સીવાએ મુસ્તફાકે આએપર કુરબાન હેં ગાઝી,
નીશાને સબ્ઝકો ખીઝરે રહે ઊકબા સમજતે હંય.
ન ખૌફે હર્બે આહન, ન દેહશત પેહલવાનોંકી,
અદુએ પીલતન[1]કો મોર[2]સે અદના સમજતે હંય.
સીનાંકો જાનતે હંય યેહ સુબુક ખારે બીયાબાંસે,
હવાપર તીરકો ઉડતા હુવા તનકા[3] સમજતે હંય.
"ફ઼િરાસત" કયું સુખુનકો તુલહો કાહીહે બાત ઇત્ની
અલીકો હમ નબીકે હુકમસે મોલા સમજતે હંય.



૧—પીલતન=હાથી જેવા, ૨—મોર=કીડી, ૩—તનકા=રજકણ.

# મુલ્લા દોપ્યાજા.

## રાહેનજાત માટે ખાસ.

લેખક-જનાબ સૈયદ મહમદ કાઝિમ સાહેબ ખલીલ ઇસફહાની, ખંભાત

મુલ્લા દોપ્યાજા અકબર બાદશાહનાં વખતમાં એક ઘણોજ ચાલાક હોશીયાર વીદવાન હતો, જે બાદશાહના દરબારમાં બહુજ ઝરાફત (હસવા જેવી વાતો) કરતો અકબર તેને બહુ ચાહતો, તેના ઉપર બીજા દરબારીયો બહું અદાવત રાખતા પણ તેનું કાશ બગાડી શકતા નહીં, વીગેરે.

આ લેખ વાંચવાંથી જણાશે કે એક સાધારણ માણુસ પરદેશી બાદશાહનાં દરબારમાં રી રીતે દાખલ થયો અને તેણે શી રીતે માન મેળવ્યું, અને માણુસ નેક નીય્યતથી કામ કરે તો તે ઊંચે દરજ્જે સેહજમાં પહોંચે છે વિગેરે, અમે આ લેખ કટકે એવા રૂપમાં આપીશું કે જેથી મુલ્લાંની સંપુર્ણ હકીકત સમજી શકાય, બલ્કે તેનું આખું જીવન ચરીત્રજ વાંચનારનાં સમજવામાં આવે અને તેથી ઘણી જાણવા જેવી અકકલની વાતો ધ્યાનમાં લેવાય.

## મા-બાપ અને જન્મસ્થળ.

"અબુલહુસન જેને મુલ્લા દોપ્યાઝા કહેતા હતા, તેનાં બાપનું નામ અબુલમોહાસિન અને માંનું નામ સિરાજુન્નીસા હતું, પણ તેનાં વતન વીષે મતભેદછે, કેટલાંક કહેછે તે અરબીછે કે તે અજમીછે, કેટલાંક તેને શેખ, અને કેટલાંક બીજા ખલીફા ઉપર સાહેબની ઔલાદના કહે છે, પરંતુ આ ખુશ મીજાજનો ગુરૂ ઘંટાલ માટે શોધ કરતાં એટલું જણાયું છે કે તે અરબસ્થાનનો રહેનાર અને તાઇફ× શહેરનો વતની હતો, સીરાજુન્નીસાં* બહુ પરહેજગાર નેક સ્ત્રી હતી એટલુંજ નહીં પણ તે ઘરવહેવારમાં બહુ કુશળ અને ઘણુંજ જાળવીને ખર્ચ કરવાવાળી હતી, તેમજ વેપાર રોઝગારને એવી સારી રીતે

× તાઇફ-અરબદેશમાં મકકાથી નજીક એક બહુ સારો કસબો છે, જ્યાં લીલોતરી અને મેવો વગેરે ઘણું થાય છે નાહનું પણ બહુ રળીયામણું ગામ છે.

* સીરાજુન્નીસાં માટે મુલ્લાંનો અહેવાલ લખનારા ઘણાં લખેછે કે તે બહુ રૂપાળી ખુબસુરત પરહેઝગાર હતી. પણ એક લખનારે હબસણ હોવાનું જણાવ્યું છે. પરંતુ તે રૂપાળી હતી એ વીશેષ ખાત્રી લાયક છે.

સમજી શકતી હતી કે તે પોતાના ધણીનો જમણો હાથ થઇ પડી હતી.

આ અબુલહસનના બાપ અબુલમોહાસિનનાં સંબંધમાં પણ એવું કહેવાય છે કે તે પોતાનાં કબીલામાં આબરૂદાર દૌલતમંદ અને વેપારી હતો તેને તેની સ્ત્રી વેપારમાં બહુ ઉપયોગીહતી. અબુલમોહાસીનનાં લગ્ન ૨૭ વર્ષે થયા અને ત્રણ વર્ષ વિત્યા છતાં કાંઇ ઓલાદ થઇ નહી તેથી તે ગમગીન હતો, પણ ખુદાએ તેની ગમીને તા. ૧૩–માંહે રજબ સને ૯૪૯ હીં૦ને દીવસે દુરકરી, એટલે એક ફરઝંદ ઇનાયત કર્યો એ ફરઝંદનુ નામ મસ્જીદના પેશનમાઝે અબુલહસન રાખયું, જેની ખુશહાલીમાં અબુલમોહસને એક હઝાર દિરહમ ભેટ આપ્યા, અબુલહસન ખુબસુરત હતો.÷ અને લાડ પ્યારમાં ઉછરવા લાગ્યો તેથી બહુ તોફાની થઇ ગયો, સાડા પંચ વર્ષની ઉમ્મરમાં મુલ્લા અબ્દુરરહમાનનાં મદ્રસામાં પઢવા બેસાર્યો.

## નાહન પણના તોફાન

અબુલહસન મદ્રેસે જરૂર જતો પણ પડવાના વિચારે નહિં, બલ્કે ગમ્મત અને છોકરાંઓને સતાવવા માટે કોઇને મારતો, કોઇથી માર ખાતો કોઈને ચીઢવતો, છોકરા એને ચીઢવતા એવી રીતે મદરેસાનો વખત પસાર કરતો માંબાપનો લાડકવાયો છોકરો તોફાનમાં શું કમી રાખે ? તેની જીંદગી કેવી થશે તે તેની વર્તણુંક ઉપરથી સમજી શકાતું હતું, ઉસ્તાદનાં લાયક શાગીર્દ પહેલી બીસમીલ્લાહ ઉસ્તાદથી શરૂ કરી,મુલ્લાનાં ઉસ્તાદ બધા છોકરાને સરખા ગણતા ( એક આંખે જોતા ) શરૂમાંજ ઉસ્તાદે અબુલહસને પડાવવા માંડયું, કહો–અલેફ,ખાલી' બે, કે નીચે એક નુકતા, તે, કે ઉપર દોનુકતે ( જેવું ક,ને કંઇ નહીં કાઠક, ને કાનુંકા, વીગેરે ) તો શાર્ગીદ સાહેબ ફરમાવવા લાગયા સબકે નીચે દો નુંકતે, "તે" કે ઉપર ચાર નુકતે, ઉસ્તાદે ખફા થઇ કહયું નાલાયક હું એક અને બે મીડાં કહું છું તો તું બે અને ચાર કહે છે ? એ કયાંથી લાવ્યો ? લાયક શાર્ગીદ ફરમાવા લાગયા ઉસ્તાદ સાહેબ આપ તો એક આંખે જુઓ છો તો એકને બે દેખાય છે; પણ હું તો બે આંખે જોઊંછું જેથી મને તો બે અને ચાર દેખાય છે, ઉસ્તાદ બહુ શરમાયા અને છોકરા હસવા મંડયા.

એક વખતે મદ્રેસામાં ખાવાની છુટી મળીતો આપને એક નવું ધાંધલ

÷ એક વિદ્યાર્થિ લખે છે કે મુલ્લાનાંમા હબસણ હતી તેથી તેનું અર્ધું મોહું કાળું અને અર્ધું ખુબસુરત હતું પણ બાપને ઓલાદ નહોતાથી તે પણ કદંગુ ન લાગ્યું ! ! [ કયા ઇતીહાસમાં હશે? )

ફૂલ રોશની છે. શેઠ લાઈબ્રેરી હાજીભાઈ આમટાણી આજીકા (શ્રીકાકા)

સુજ્યું. ખાધું ન ખાધું કરી તરત પાછો આવ્યો, એ [illegible] માંથી એક ચોપડી કાઢી ઝટપટ ઉસ્તાદના દફતરમાં બાંધી દ[illegible] ગયો, થોડીવાર પછી જ્યારે જાણ્યું કે હવે ઘણાં ખરા છોકરા મદ્રસામાં આવી ગયા હશે,પોતે પણ પધાર્યો, જે છોકરાની કીતાબ ચોરાઇ હતી તેણે ઉસ્તાદને જાહેર કર્યું. મુલ્લા અબ્દુલરહેમાન પણ બહુ ગુસ્સાવાળા હતા તેમણે હુકમ કર્યો કે બધાનાં દફતરોની ઝડતીલો, જે નાલાયક પાસેથી નીકળશે તેને ખુબ સજા કરીશ તેને રૂસ્વા કરવા અર્ધું મોઢું કાળું કરી કાઢી મુકીશ, હવે દફતરની ઝડતી શરૂ થઇ અબુલહસને ચોરનું મોઢું કાળું કરવા કાળાશ અને તેલ મેળવી લાવી મુક્યું બધા દફતરો તપાસાઈ ગયા :પણ ચોપડી તો નજ મળી, ( ઉસ્તાદનું દફ્તર કોણ તપાસે ? )

અબુલહસને તે છોકરાને કહ્યું કે અલ્યા ઉસ્તાદનું દફતર કેમ જોયું નહીં? તેણે બીતાં બીતાં ઉસ્તાદનું દફતર જોવા ખેંચ્યું, ઉસ્તાદ પણ જોવા લાગ્યો દફતર ઉઘાડી જોતાં તેમાંજ ચોરાએલી કીતાબ મળી આવી, તરતજ અબુલહસન કાળાશવાળું વાંસણ લઇ હાથ જોડી સામે આવી ઉભો, અને કહ્યું સાહેબ ચોપડી તો મળી આવી હવે ચોરનું મોઢું કાળું કરવા આપના ફરમાનની રાહ જોતો હું તૈયાર ઉભો છું. ઉસ્તાદ બહુ શરમાણા અને ગુસ્સે પણ થયા.પરંતુ કરે શું ? ! બધાં છોકરાએ : તે વાસણ ફેંકી દીધું.

જ્યારે એ હકીકત તેની માએ જાણી તો બહુ નારાજ થઇ અને તેને ધમકાવ્યો હાજર જવાબ દીકરે તરતજ જવાબ વાળી દીધો કે જો હું ઉસ્તાદનો હુકમ બજાવવા આનાકાની કરતે તો બધા મને નાફરમાન શર્ગીદ કહેતે.

## સીરાજુન્નીસાની વફાત.

જ્યારે અબુલહસને ઉસ્તાદને બહુજ સતાવા માંડયો તો તેનાં બાપે લાચારીએ બીજાને ત્યાં બેસાડયો, બીજો ઉસ્તાદ જોકે તેનાં તોફાનથી બહુ ઘભરાતો પણ તેની ચાલાકી અને પદ્ધ શકિતથી બહુ ખુશ હતો તેમનું ધારવું હતું કે જો આ છોકરો તોફાન અને મજાક છોડી દેતો મોટો આલીમ થાય, લોકો તેને "મોલવી," કહીને પોકારે, છેવટે તે ખરૂં તો પડયું.

અબુલહસનની મા પડેલી હતી તેથી તેને ઘરે પણ પઢાવતી, બલકે ખરૂં પુછો તો તેની માએજ તેને પઢાવ્યો, ઉસ્તાદ પાસે તો ભાગ્યેજ કાંઇ શીખ્યાં હશે, અબુલહસન ૯ અને દશ વર્ષની વચ્ચે હતો કે તેનાં ઉપર એ [illegible] અને ભારે મુસીબત આવી પડી કે તેથી તેની વિદ્યાભ્યાસનીજ જીંદગી પ[illegible]

ગઇ એટલુંજ નહીં પણ એવી ભારે મુસીબત જોવી પડી કે જેથી આખા કુટુંબને પરદેશ જવું પડયું, અને તબાહી આવી ગઇ,તે એકે એની વ્હાલી મહેરબાન માતુશ્રી સીરાજુનનિસા ૯૬૧ માં મરણ પામી.

નાદાન છોકરાને શું ખબર કે ફકત એક માંના મરવાથી મારી તો શું પણ મારા કુટુંબની ખરાબી થશે, અને મારા બાપને જીવવું ભારે થઇ પડશે,અરે તેને શું ખબર કે માંના મરતાંજ દોલત, ઇકબાલ અને ઇજ્જત આબરૂ પણ તેની સાથેજ મટી જશે.

## શાદી ખાના બરબાદી

સિરાજુન્નીસાનાં મર્ણ બાદ જયારે નોકરોએ જોયું કે હવે તો કોઇ પુછનારજ નરહયો,બન્ને હાથો વડે લુંટવા માંડયું, અબુલમોહાસિનને કામકાજથી સંબંધજ નહતો તેથી તે વાકેફ નહતો, વળી તેને બહુજ ગમ થયો, કામકાજ વહેવાર ધંધો પડી ભાંગ્યા.

સાહેબઝાદાની કેતો બગડેલી સંભાળ રાખે તે કોણ? એવાજ કારણોથી અબુલમોહાસિને સીરાજુન્નીસાનાં મર્ણ પછી છ માસમાં બીજી શાદી કરી, જે શાદી નહીં પણ ખાના બરબાદીહતી, કેમકે નવી ઓરતે આવતાજ ઘરમાં વાંસ ફરે તેવું કરી મુક્યું.

અબુલમોહાસિનની નવી બીબી તે અબુલહસનની સાવકી માતા જો કે રંગરૂપમાંતો કાંઇ વિશેષ ટીકાને પાત્ર નહતી પણ સખ્ત મિજાજ, ખુદ પસંદ હુકમ નહી માનવાવાળી, અને બદતમીઝ હતી, તેથી તે લગન કરીને બહુજ પસ્તાતો હતો, પણ કાંઇ કરી શકતો નહતો.

તમામ વખાણ એ ખુદાને માટે શોભે છે કે જે પોતાની તવહીદ ( એકપણાં ) માં લોકોના ખ્યાલથી છેટે અને બુલંદ છે, અને બહુજ નજીક પણ છે, અને પોતાની બાદશાહતમાં સર્વ સત્તામાન છે, અને પોતાની ખુદાઇની બાબતોમાં અઝીમુશ્શાન છે, જે ચીજો જુવે ત્યાં હોય તે દરેકને જાણે છે, તમામ મખલુક ઉપર પોતાની કુદરત અને દલીલથી ગાલીબ છે તે એવો ઇઝ્ઝત અને બુઝર્ગીવાળો છે કે તે હંમેશાથી છે, અને હંમેશાં રહેશે, તેમજ તેની તઅરીફ પણ હંમેશાં માટે છે, તમામ બુલંદ ચીજોનો પયદા કરનાર અને તમામ બીછાવેલી ચીજોનો બીછાવાવાળો, અને જમીન તથા આસમાનોને રચનાર અને ગોઠવનાર છે. તે મહાન પાકપાકીઝા છે, તમામ મલાએકા અને રૂહના પરવરદીગાર છે, જે જે ચીજો પેદા કરી છે તે તમામને બખ્શીશ કરનાર અને તેમના ઉપર એહસાન કરનાર છે, દરેક આંખને જુવેછે. એ છતાં કે તેને આંખ નથી, તે ઘણોજ માયાળુ ગંભીર અને મહેરબાન છે, અને રીતસર કામ કરનાર છે, તેણે દરેક ચીજને પોતાની બહોળી રહમતમાંથી ભાગ આપ્યો છે. અને પોતાની નેઅમત થકી મખલુક ઊપર એહસાન કરેલછે. અને જેઓ અઝાબને લાયક છે તેમને અઝાબ કરવા અને બદલો લેવા ઉતાવળ કરતો નથી, છુપી ચીજોને જાણવાવાળો છે. દીલની વાતોથી માહેતગારછે, છુપી બાબતોને તે સારી પેઠે જાણે છે, ખાનગી અને બહુજ છુપી બાબતો માં તેને કાંઇ પણ ચુક પડતો નથી, દરેક ચીજ ઊપર તે સતા ધરાવે છે અને એ સર્વે ઉપર તેનો કબજો છે, દરેક ચીજમાં તેની કુવ્વત અને કુદરત શામીલ છે.

તે એવો છે કે તેના જેવી કોઇ ચીજ નથી અને તેજ દરેક ચીજનો પેદા કરવાવાળો છે, અને તે એવો અનાદિ અને હંમેસાથી છે કે તેની શરૂ-

[illegible library stamp]

આતની કોઇ હદ છેજ નહીં, તે હમેશાંથી છે, કોઇ ચીજ નહતી પણ તે તો હતોજ, અને હંમેશાં અદલ અને ઇન્સાફની સાથે બાકી રેહશે, એ ઝબરદસ્ત હિકમતવાળા ખુદા શીવાય બીજો કોઇ મઅબુદનથી, તેની શાન એથિ પણ વધારે છે કે દ્રષ્ટિ તેને પામી શકે, અલબત તે તમામ દ્રષ્ટિયોને જુવે અને પામે છે, તે બહુજ બારીકીથી જોનાર અને દરેક બાબતથી આગાહ છે, તે એવો છે કે કોઇ તેની સીફત જોઇને કરી શકતો નથી, કોઇ તેને જાહેર કે બાતીનમાં જોઇ શકતું નથી, તેમજ સમજી શકતું નથી કે તે કેવો છે.

પણ તેણે પોતાંની માઅરેફત અને ઓળખાણ માટે જે ચીજો બનાવી અને કાયમ કરી છે તેના વડે તેને ઓળખી શકાય છે, હું એ વાતની ગવાહી આપું છું કે તેની કુદ્સીયત (પાક પાકીઝગી ) તમામ આલમ ઉપર ઘેરાએલ છે, અને તેનું નુર અબદુલ આબાદ (હંમેશાં) ઊપર ગાલેબ છે, તેનો હુકમ તેનીજ એકલાની સત્તાથી છે, તે કોઇનો મત લેતોજ નથી, જે કાંઇ નિર્માણ કરવું હોય તે પોતેજ કરે છે, તેમાં કોઇ શરીક નથી, તેની તદબીરમાં ખોડ કે ખામી નથી, જેની તેણે સુરત બનાવી તે વીશે તેને કાંઇ વીચારવું પડયું નથી, તેનો નમુનો જોવો પડયો નથી, કોઈનિ મદદ લેવી પડી નથિ, કાંઇ તકલીફ ઊપાડવી પડી નથિ, તેમજ કોઇ હિલ્લો કરવો પડયો નથિં, જે ચીજનો પૈદા કરવાનો ઇરાદો થયો કે તે થઈજ ગઇ.

તેજ ખુદા છે, તેના શીવાય કોઇ માઅબુદ નથી, તે દરેક કારીગરીથિ સંપુર્ણ માહીતગાર છે. ઉત્તમ ઊંત્તમ ચીજો બનાવે છે, અને એવો આદિલ છે કે ઝુલ્મ કરતો નથિ, અને બહુજ કરિમ છે, તમામ ચીજો તેનીજ તરફ પાછિ ફરનાર છે.

હું ગવાહી આપુંછું કે દરેક ચીજ તેની કુદરતની સામે તાબેદાર છે, દરેક ચીજ તેની હયબતથી તુચ્છ થઈને રહેછે, તમામ ફિરિશ્તાઓનો તે માલીક છે, તમામ આસમાનોને તે ફેરવનાર છે, સુર્ય અને ચંદ્રને હુકમ મુજબ વરતનાર કરેલ છે કે તે દરેક પોત પોતાને સોંપેલ વખત મુજબ ફર્યા કરેછે, તેણે રાતને દીવસની પાછળ, અને દીવસને રાતની પાછળ લગાડેલ છે કે તે એક બીજાની પાછળ ચાલે જાયછે, દરેક કીનાવાળા ઝાલીમના માથાને ભાંગનાર છે, અને દરેક તોફાની શયતાનને હલાક કરનાર છે, તેનો કોઇ શરીક કે ભાગ્યો નથી, તેમજ તેની સામે કોઇ હરીફ નથી, તે યકતા અને બેનયાઝ બેપરવા છે કે તેને કોઇ ફરઝંદ નથી, તેમ તે કોઇનો ફરઝંદ નથી, તેનો કોઈ વડયો નથી, તે તમામનો પરવરદીગાર બુઝુર્ગવાર છે, તે

જે ચાહે તે તરત થઇ જાયછે, તે જે ચીજને મટાડવા ચાહે તેનો તરત ફેસલો થઇ જાયછે.

તે એવો જાણનાર છે કે તેમાં રતી બરાબર કચાસ રેહતી નથી, તે મારે અને સજીવન કરેછે, તે ફકીર કરેછે; તેજ અમીર બનાવેછે, તેજ હંસાવે છે, તેજ રડાવે છે, તેજ પાંસે કરેછે, તેજ છેટે કરેછે, તે બંધ કરેછે, તેજ ઇનાયત ફરમાવે છે, દરેક જાતનો ઇખ્તીયાર તેનેછે, દરેક જાતની તાઅરીફ તેનાજ માટેછે, દરેક ખયર અને ખુબી તેનાજ હાથમાં છે, તેજ દરેક ચીજ ઉપર કુદરત રાખેછે, રાતમાંથી દીવસ કાઢેછે, દીવસમાંથી રાત કરેછે. તે જબરદસ્ત મઅબુદ વીના કોઇ માઅબુદ નથી, તે બક્ષનાવાળા સમાન કોઇ બક્ષનાર નથી.

તે એવો માલીક છે કે દીલ ખોલીને આપેછે, દોઆને કબુલ ફરમાવે છે, તમામ જીન્નાત અને ઇનસાનનો પાળનાર છે, તેના માટે કોઇ ચીજ મુશકીલ નથી, તે ફર્યાદ કરનારાઓની ફર્યાદથી ઘબરાઈ જતો નથી, તે રડનારા અને કાકલુદી કરનારાઓથી અશકત થતો નથી, તેને તેથી કંટાળો આવતો નથી, નેક બંદાઓની મદદ કરનાર અને ખયર ચાહનારને તૌફીક આપનાર છે, તમામ આલમોનો સરદાર છે, અને તેણે જેને જેને પયદા કરેલ છે તે દરેક ઉપર તેનો હક છે કે તે તેનો શુકર અદા કરે, અને હર હાલમાં એટલે ખુશીમાં કે નાખુશીમાં કે સખતીમાં કે આસાનીમાં તેના વખાણ કરે.

હું તેની ઉપર તેના ફીરીશતા ઉપર, તેની કિતાબો ઉપર, તેના રસુલો ઊપર ઈમાન રાખુંછું, તેના હુકમને સાંભળુંછું, તેની તાબેદારી માટે હાજર છું, અને જે કાંઇ તેને પસંદ છે તે બજાવી લાવવા માટે તતપર છું, તેનો ફેસલો માન્ય રાખવા તય્યાર છું, તેની ઇબાદત માટે શોખ ધરાવુંછું, અને તેની સજાથી ડરૂંછું, કેમકે તેણે બદલો લેવાથી આપણે નિર્ભય થવું ન જોઇએ, તેમ તે ઝુલ્મ કરશે એવી બીક કદી રાખવી નહીં. (અધુરૂં)



(આગળના ૬૪-માં પેજનું બાકીનું.)

## અબુલહુસન, અને તેની નવીમા ખસીમા.

અબુલહુસનને જ્યારે તેની સાવકી માતા ખસીમાએ બહુજ સતાવ્યો અને તેને રાત દીવસ મારપીટ કરવા ગાળો દેવામાં ભુખ્યો રાખવામાં ખામી રાખી નહીં, તો તેણે પણ એવી લુચ્ચાઇ કરીકે કે ખસીમા માથુ કુટતી રહે, અને ખબર પણ નપડી કે કોણે એમ કર્યું, હકીકત એવી છે કે અબુલહુસને એક દીવસે પોતાની સાવકી માતાના બધા ઉંચા કપડાં ઉંદરની માફક કાતરી નાંખ્યા થોડા દિવસ પછી ખસીમા એક શાદીમાં જવા માટે કપડા કાઢવા ગઇ તો કપડાં જોઇ બહુ વિચારમાં પડી એક કપડું પણ એવું નનીકળ્યું કે પહેરવા જેવું રહ્યું હોય, ઉંદરોને ગાળોદેવા મંડી, અને બદદુઆ કરતી માબાપને ઘેર ચાલી ગઇ, અને અબુલહુસનને પણ પોતાની સાથે લેતી ગઇ.

અબુલહુસન એ લુચ્ચાઇ ઉપર બહુ મગરૂર હતો, પહેલાંતો એકે તે લુચ્ચાઇ જાહેરજ થઇ નહી, બીજું પોતાનો બદલો લેવા ખસીમાનું કાળજું પણ બાળી શક્યો, ખસીમાં માબાપને ત્યાં રહીને પણ અબુલહુસન ઊપર જુલમજ કરતી રહી અને વધારે ને વધારે સતાવા લાગી તો અબુલહુસન બહુજ લાચાર થઇને ખસીમાને કહયા વગર, પોતાના બાપ પાસે ચાલ્યો ગયો, અહીં આવીને ફરી એક એવું તોફાન કર્યું કે જેથી તેને અને તેનાં બાપને જુદા જુદા વતન છોડી નીકળી જવું પડયું, અને એ એવું છુટાપણું થયું કે ફરી મરતાં સુધી કોઇ વખતે મેળાપ થયો નહીં.

## અબુલમોહાસિનનું બે વતન થવું.

અલ્લાહો અકબર-એક ગ્રહસ્થ, ભરેલા ઘરનો માલિક શરીફ ખાનદાનનો ચશમો ચિરાગ ફકત નાલાયક દીકરા અને નાદાન સ્ત્રીને હાથે એવો મુંઝાય છે કે દેશ મુકીને પરદેશ સદાને માટે ચાલ્યો જાય છે.

અબુલમોહાસિને પોતાની સ્ત્રીનાં હાથે મુંઝાઇને કેટલીક વખતે વતન છોડી જવાનો વિચાર કર્યો, પણ વારંવાર એવું વિચારતો કે હવે સમજશે થોડા દહાડામાં સમજશે પરંતુ આશા ફોકટ થઇ, પણ આ વખતે તે એકદમ નીકળી પડયો, અને કયાંગયો તેની હકીકત આજ સુધી કોઇના જાણવામાં આવી નથી

અબકા સફરવો હૈ, કે, ન દેખુંગા ફીર વતન❋
યું તો મૈં લાખબાર ગરીબુલ વતન હુવા❋

અબુલહુસન જયારે માં પાસેથી નાશીને ઘેર આવ્યો તો તેનાં ખ્યાલમાં એક એવી લુચ્ચાઇ આવી કે જેવી કદી આવી નહતી, અને તે એ કે તાઇફની

ગલી ગુચીઓમાં એક ગાંડી સ્ત્રી સમીના નામે રખડતી હતી તે ખુબ જાડી અને મજબુત હતી, તેણીને અબુલહસન રોટલીનો લાલચ આપી પોતાને ઘેર લાવ્યો, અને મકાનમાં મુકી રડતો રડતો પોતાની મા ખસીમા પાસે ગયો, અને તેણીને ગળે વળગી ખુબ રડવા લાગ્યો, અને બોલ્યો મારા બાપા બીજી સ્ત્રી પરણી લાવ્યા છે, અને કહે છે કે તે ઘણી ખાનદાની અને શરીફ સ્ત્રીછે, અને તેની ખુબસુરતી તથા ખુશ મિઆજીની પણ તારીફ કરેછે, પણ તે તમારા ખાસડા સમાને નથી, મારાથી નરેવાયું તેથી મેં તો ત્યાંજ કહી દીધું અને તમારી બહુ તારીફ કરી તેથી તે મારાથી નારાજ થઇ ગઇ મેં ખાવાનું માગ્યું તો તમને અને મને ગાળો દેવા મંડી, એટલું કહી અબુલહસન ફરી રડવા લાગયો.

એટલું સાંભળતાંજ ખસીમાં ભડકી ઉઠી, પરણેલીને અને પરણનારને હજારો ગાળો દેવા મંડી, પછી અબુલહસનને સાથે લઇ સીધી ઘેર પહોંચી, અહીં ખરેખર એક જાડી તાજી માજી સ્ત્રી જોવામાં આવી-બસ-હવે વધારે પુછવાનું શું કારણ બાકી હતું? ખાસડું કાઢી પેલી ગાંડીને મારવા મંડી પડી. શમીના ગાંડીતો હતીજ તે પણ તેણીને વળગી પડી, હવે અબુલમહાસિનનું ઘર તો પહેલવાનોનો અખાડો જણાવા લાગયો.

અબુલહસન એ લડાઇ જોઇ ખુશ થતો હતો, પણ તેને એ ખબર નહતી કે આ ખુશી લોહીનાં આંસુ રડાવશે, આ બધું તોફાન જોઇ મોહલ્લાવાળા એકઠા થઇ ગયા, તેમાંથી કોઇએ અબુલમોહાસિનને પણ ખબર આપી, તે આવ્યો તો અંદરથી દરવાજો બંધ જોયો, બહુએ ખડ ખડાવ્યું પણ જવાબ કોણ આપે? લાચારીએ વંડી ઉપર ચઢી ઊતરીને ઘરમાં દાખલ થયો તો ખસીમા શમીનાને મુકીને ધણીને વળગી, અને કાંઇ પણ વિચાર્યા વિના ખાસડા મારવા લાગી, તેને મારતા જોઇ ગાંડી પણ મારવા લાગી. અબુલમહાસિન બિચારાને એવડો માર પડવા લાગયો તેથી ઘરમાંથી નીકળીને નાઠો, અને એવો ગયો કે ઘરબાર વેપાર રોજગાર-ધનદોલત સગાવ્હાલા સ્ત્રી છોકરા અને દેશ ગામની પણ પરવા કર્યા વિના જે ગયો તો ગયોજ, ફરી કોઇએ તેનું મોઢું દીઠું નહીં, કે તેની કાંઇ ખબર સાંભળી નહી કે તે પછી તેનાં ઊપર શી વીતી

( બાકી ઇ૦ આઇન્દાહ. )

———o———

નોટઃ—મજાક કરવાથી કેવા માઠા પરીણામ આવે છે તે એ દાખલા ઊપરથી ઘણું સારૂ સમજાય તેમ છે, અને છોકરાઓની પૂર્તિસંભાળ નલેવા તથા તેમને બરાબર તમારા થી ઇલ્મ હુન્નરની પરવા નકરવાથી કેવા સ્થાતિ થાય છે તે પણ ચોખ્ખું સમજાય તેવું છે વળી અત્યાર સુધી બિનાથી જણાય છે કે સ્ત્રી ઘરનો રખવાળ છે, તેથી સ્ત્રીઓને કેળવવી ઇલ્મોદિન શીખવવું ઘણું જરૂરી છે, વાંચક વર્ગ લક્ષ આપી ખ્યાલ કરશે તો બહુ ફાયદો થશે.

# શેઠ ચમનનું એહસાન માનવામાં આવે છે.

અમો વીરોધીઓના ચોપાન્યા વાંચતા નથી તેથી બહુજ આરામમાં છીએ છતાં કોઇ વખતે અચાનક વાંચવામાં આવે છે, થોડા દીવસ થયા દુશ્મને દોજહાંનનો હાલમાં પ્રગટ થીએલો છેલ્લો અંક એક બીરાદરે લાવીને વાંચવા આગ્રહ કર્યો, મેં નાપાડી, બલકે જોયો પણ નહીં.

છતાં બીજા તરફથી કાનમાં આવાજ આવી કે ધારા મુજબ કુથલીયો, ગીબતો, બોહતાનો હતા, તેમાં મગદીશાવાળા શેઠ મોહમ્મદ ભાઈ હાશમભાઈ ચમનના નામથી તાવીજ વીશે લખાણ હતું, પણ એ લખાણનો હેતુ મને તો એ લાગ્યો કે એ શેઠ-બીરાદરોને ચેતવે છે કે જુવો તમોને બોધ કરવાનો ફાંકો ધરાવનાર દુશ્મને દોજહાન એટલો તો બેદીન થઇ ગયો છે કે ઈમામો અ૦ના ફરમાનને જુઠુ કહે અને એબ લાગે એવું લખાણ કોઇ આપે તો પણ તે છાપ્યા વીના રહેતોનથી, તેમજ તે હાજીનાજી માટે સારી વાતને પણ ખરાબ રૂપમાં બતાવે છે,માટે તેથી ચેતતા રેહશો ઇત્યાદી, જે નીચેની બીનાથી જાહેર થશે.

શેઠ ચમને છપાવ્યું કે હાજી નાજી અબજો તાવીજોનું એક તાવીજ પાંચ રૂપીયામાં વેચે છે, તો કોઇ ગરીબ સય્યદ પાસે થોડા પઇશામાં લખાવીને પાંચ રૂપીયા લઇને બીરાદરોને લુટે છે, અને એવા તાવીજ ઉપર આસ્તા રાખવી નહીં એ તો ધુતવાના ધંધા છે, અને જો એવા તાવીજોથી ઉમ્મેદ પુરી થતી હોય તો હાજી નાજીને હ૦ ઇમામે રઝા અ૦ની ઝીયારતની ઉમ્મેદ હતી, તે તરત પુરી નહીં થતા શામાટે ત્રીસ વરસ પછી પુરી થઇ? માટે એવા ધતીંગ વાળા તાવીજના પાંચ રૂપીયા આપીને ઠગાશો નહીં ઇત્યાદી. એવા મતલબનું ઘણું લખ્યું છે,

તો એથી શેઠચમનનો મતલબ કોમને એમ ચેતવવાનો હશે કે-હે કોમ! અવી હડહડતી જુઠ વાત દુશ્મને દોજહાન છાપે છે કે નહિ, તે તમોને જાહેર કરવા મેં જાણીને એ લેખ મોકલ્યો છે, પણ જો ખરૂં પુછો તો નાના બાળક પણ નીચે મુજબ સમજી શકે છે કે—

૧-એ તાવીજમા ઝીણા ખુબસુરત મોતીના દાણા જેવા હરફથી આશરે અઢીસો લાઇન લખેલી છે, સાહીમાં થોડી કસ્તુરી નાખવામાં આવે છે.

૨-હરણીયાની અંદરની ઝીણી કાગળ જેવી આશરે પચીસ ઇંચ લાંબી ઝીલ્લી હોય છે તેની ઉપર લખેલ છે તે જેવા કે વાંચવાની મનાઇ નથી.

૩-એવા મોતીના દાણા જેવા છાપેલ કરતાં પણ સરસ હરફ જેવો તેવો લખી શકે નહીં, જે કુર્આન હજાર રૂપીયે લખી આપે છે તેજ એવું લખી જાણે, આખા હીન્દુસ્તાનમાં કુર્આન લખનારા સો દોઢસો હશે, જ્યારે આ તાવીજ લખનારા આખા હીંદુસ્તાનમાં માંડ ત્રણ ચાર જણ છે, સારી રકમ આપે પહેલે નાણા આપે ત્યારે લખી આપે છે, છેલ્લા ત્રણ માસથી પચીસ રૂપીયા બાના

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઇ મામદાણી
... (ધીંચાણા)

તરીકે હાજી નાજીએ મોકલ્યા છે, પણ હજુ તાવીજો લખાઇને આવ્યા નથી. અને એ તાવીજ હઝ઼રત ઇમામે મોહમ્મદ તકી અઠમે લખાવીને તેની તાસીર બયાન ફરમાવી છે.

૪-તાવીજથી ઘણે ભાગે તરત ઉમ્મેદ પુરી થાય તેમ નથી, ખુદાની મસલેહત મુજબ થાય છે, હાજીનાજીની ઉમ્મેદ હઝ઼રતઇમામે રઝાઅઠની ઝીયારતની ત્રીસ વરસે પુરી થઈ, તો તેમાં ખુદાની ઘણી મસલેહત હશે, તેમાંની એક એ પણ માલુમ પડે છે કે તરત ઉમ્મેદ પુરી થઇહત તો છેલ્લા ત્રીસ વરસના ગુનાહ શી રીતે માફ થાત? પણ ઢીલથી ઉમ્મેદ પુરી થવાથી એ ત્રીસ વરસ સુધી ઉમ્મેદ લંબાણી તેથી દીન બદીન સવાબ મળતો ગયો, અને એ છેલ્લા ત્રીસવરસ મળીને ૪૮ વરસના ગુનાહ અલ્હમ્દોલિલ્લાહ માફ થયા હશે.

૫-સુકીકલમથી લખવા માટે મેં ફરેબ છે લખ્યું. પણ જુવો-હુલ્યતુલ-મુત્તકીનમાં જનાબે મજલીસીએ અગ્યારમાં બાબની બારમિ ફસલમાં કાગળ લખવાના આદાબમાં લખ્યું છે કે હદીસમાં છે ઇમામે ફરમાવ્યું કે કોઈ હાજત માટે કોઇને કાગળ લખો, અને તે હાજત પુરિ થવા ઇચ્છતા હો તો શાહ વીના સુકી કલમથિ કાગળને મથાળે (અ [illegible]) લખો, રાવિ કહે છે કે જયારે હું તે મુજબ કરતો હતો ત્યારે મારિ હાજત પુરિ થતી હતી, તો વંચાય નહીં તેમ [illegible] સુકી કલમથી લખવાનું [illegible] છે.

૬-જે [illegible] તાવીજ લખાવે? [illegible] નાહી [illegible] તાવીજ [illegible]!

૭-[illegible] તાવીજ [illegible] ચાળીસ જણને [illegible] પુરી [illegible] હજાર થનાર હોય, તો [illegible] પાંચ [illegible] હજાર [illegible] હોય. તો [illegible] ચાળીસ વરસમાં હાજી નાજીએ ત્રણ કરોડ રૂપીઆ [illegible]માં મુકયા હોત,

૮-પાંચ રૂપીઆના તાવીજ નાખી કેટલામાં કેટલા ખપતા હશે ? વળી નફો શું મળતો હશે ? અને જે કાંઇ તાવીજ કે દાતાઓનાંથી હલાલ રીતે મળે છે, તેમાંથી ખુમસ કાઢી, જરૂરી જગ્યોએ વાપરીને બચત થાય તો હાજી નાજીએ નાણાનો સદ ઉપયોગ કરે છે, કે હજ કર્વા ઝીયારતો માટે જાય છે, હઝ઼રત ઇમામ રઝા અઠની ઝીયારત પણ કરી આવ્યો, અને ઘણા જણને એ કરતાં વધારે નફો વેપારમાં મળેછે તો શું એ સર્વે પણ ઠગતા હશે ?

૯-હજુ સુધી હાજી નાજી પાસે એટલું નાણું થયું નથી કે, હરવા ફરવા ઘોડા ગાડી રાખી શકે કે ઘરનો કે બાલ બચ્ચાનો કે પોતાનો ઉત્તમ પોશાક રાખી શકે.

૧૦-એ તમામ બાબતો દેખીતીછે, છતાં મેં દુશ્મને શાજહાનનુ ઇમ્તેહાન લેવા છપાવ્યું. તો તેણે ઇમામના ફરમાનવાળા તાવીજને ખોટું લખ્યું, ઢોંગ

ધતુરાવાળું લખ્યું, હાજી નાજી ઉપર જુઠ બોહતાન મુકયા, આગળ પણ આપણા દીનના ચુકતે આલીમોને લાંચ્યા, અને ઠગ જાહેર કર્યા, કોમની ખોદણી તો તેની ખોરાક થઇ પડી છે, તેવાને જેઓ જેઓ ઉત્તેજન આપે છે તેઓ પણ એજ ગુનાહમાં ભાગીદાર છે.

૧૧-મફતનું ભીખ માગીને લેવું હરામછે, ખુદાની લાઅનત ઊતરછે, જુવો દુશમને હાજહાન બીરાદરો પાંસે ભીખ માગીને ભેગુ કરે છે, મે પણ એવાજ નાણા મોકલ્યા તો સ્વીકાર્યા છે, જુવો ભીખની પહોંચમાં છાપેલછે કે શેઠ ચમને અટલા મોકલ્યા.

૧૨-આથી પહેલાના અંકમાં મેં છપાવેલું કે કાઠીયાવાડવાળા પરદેશના નાણા આવે તો મદસો ચલાવે છે, પોતે પોતાના મદ્રેસા ચલાવી શકતા નથી, તો તે તેમની બખીલી દુર કરવા માટે હતું, બાકી ધર્માદાના કામમાં ફાળા કરવા માટે હરકત નથી, જુવો મોટા મોટા કરોડ પતી, તેમજ નવ્વાબો, અમીરો અલીગઢ કોલેજના ફાળા માટે દુરદુર શેહરોમાં શેઠયાઓને બંગલે ઓફીસે જઇને બે શબ્દો કહીને, શરમાવીને લાખો રૂપીયા એકઠા કરી આવ્યા.

૧૩-હાજીનાજીએ ગજા મુજબ રકમ ભરીને નજ્જતફંડ જો કે પોતાના મરહુમ પીતાજી તથા માતાજીની અરવાહો માટે સ્થાપેલ છે પણ તેથી લાભ તેમના ગ[illegible]ને થાય છે, અને અવા ફંડો ઘણા છે. તેમાં રકમ ભરવાનો રિવાજ છે, [illegible] પોતાના ગુજરાન માટે પોતાને હાલ [illegible] કે બા[illegible] જાહેર કરીને તેના માટે ભીખ માગવી તે હરામ અને શરમ ભરેલું છે.

૧૪ હાજીનાજી મજલીસમાં બુલંદ આવાજથી સલવતો પડાવે છે તેની દુશમને રોજનાં મશ્કરી છાપીછે. તેમજ કચ્છ કેરાના મેલાવડામાં વાએઝ કરી તેનો પણ મશ્કરી [illegible] છે કે હાજી નાજીએ ઉરદુમાં વાએઝ કરી તેથી છોકરા હસ્યા, તો [illegible] મોલવી સાહેબ ઊરદુમાં વાએઝ કરતી તેમાં હસવાને બદલે ખુશી થવું, એ કેવી બહુદીવત? પણ પોતે તથા પોતા જેવાને ઉરદુમાં વાએઝ આવડે નહીં, તે શરમીંદગી દૂર કરવા ઇમાન ખોઇને સલવાતની પણ મશ્કરી છાપી, અને એ પણ છાપ્યું કે મુલ્લા મુસાભાઇ મુંદરાવાલાની વાએઝથી હાજી નાજી છક થયા! તો તેઓએ કચ્છી ભાષામાં વાએઝ કરી તે ઠીક છે, તેમાં છક થવાનું શું કારણ હોય? હાજી નાજીએ કરબલા, મશહદ, નજફ લખનઉ દીલ્લી વીગેરેના એવા એવા વાએઝોની વાએઝ સાંભળી છે કે જેના તારીફ થઇ શકતી નથી, તો દેશી બીરાદરની વાએઝથી છક થવાનું શું હોય? અલબત ઉત્તેજન માટે શાબાશી આપવી જુવે, તેથી શાબાશી આપી.

હાસલ કલામ શેઠ ચમનના લખાણનો એવો સવળો અર્થ કરીને તેમને મુબારકી આપુ છું; અને ખુદા સેરાતેમુસ્તકીમ ઉપર લાવી તેમના ભાઇની જેવા દીનદાર અને પરહેઝગાર કરે, કે બેડો પાર થાય આમીન.

# કછ ભારાપુરમાં છોંતેર હજાર રૂપીયાની સખાવત.

કચ્છ ભારાપુરના મરહુમ શેઠ પ્રધાનભાઇ દેવજી ચાલુ સાલમાં ગયા માગસર મહીનામાં આ દુનીઆ છોડી પરલોકવાસ થયા છે, તેવણ પાછળ તેવણના દીકરા શેઠ મેઘજીભાઈ પ્રધાનભાઇ તથા પોતરા શેઠહાશમભાઇ રાજલભાઇએ કચ્છ કાઠીઆવાડની ઇસનાઅસરી જમાતોને તેડાવી ત્રણ દીવસ મેલાવડો કરી મજલીસો પઢાવી તથા તે પ્રસંગે બે દીવસ ગામ ભારાપુરનો ધુમાડો બંધ કરીને જમાડવા એ રીતે નક્કી કર્યું, પણ શેઠ જાફરભાઇ ભડલીવાળાએ સુચના કરી કે તમો એ મેળાવડા ઉપર આસરે રૂ. ૪૦૦૦) ખરચ કરશો તેને બદલે ટુંક જમણવાર કરો સાથે મજલીસો પઢાવી ગરીબોને પણ જમણ આપી બાકીના ખરચની બચત રકમ બીજા ધર્માદાના કામમાં વાપરશો, તો તે વાતને મગડીસાવાળા શેઠ મામદભાઇ હાશમે તથા શેઠ કરમાલીભાઇ અલારખ્યાએ દીલોજાનથી ટેકો આપ્યો, તેથી સને ૧૯૨૩ જુન તા૦ ૧૪ ગુરૂવારના મેલાવડો કર્યો તે પ્રસંગે મોજમાનોની સારી સંખ્યામાં હાજરી હતી, ઉપરાંત મોટી રકમના ગરીબોને જમાડવામાં આવ્યા હતા, તે પ્રસંગે મરહુમનો વીલ વંચાણો હતો જેમાં નિચે મુજબ રૂપીયાની સખાવત જાહેર કરવામાં આવી હતી:—

૨૦૦૦૦) સોમાલીઆના ઇટાલીઆના ગામ મગડીસામાં સ્કુલોના મકાન તથા નિભાવ માટે.

૧૨૦૦૦) ભારાપુર નજદીક ગામ નારણપુરથી મેગપુરની ચોકી સુધી પાકો રસ્તો અને વચ્ચે નદી આવે છે તે ઊપર પુલ બાંધવો.

૧૨૦૦૦) ગામ ભારાપુરના ગરીબો માટે નિરાશ્રીત ફંડ ખોલવું.

૫૦૦) ભારાપુરના તાબુત વખતે દસ દિવસ સુધી દર વરસે ન્યાઝ કરવી.

૧૦૦૦) ભારાપુરના તળાવોમાં ખોદકામ કરાવવું.

૫૦૦૦) ભડલીયા મંજલ સુધી પાકો રસ્તો બનાવવો.

૪૦૦૦) મજકુર રૂ.૫૦૫૦૦ ૧૯૭૮ ના ફાગણથી ટકા૦ાા લેખે વ્યાજે મુકેલા, તેનાં હાલ સુધી રૂ. ૪૦૦૦ આવ્યા.

૧૭૦૦૦) નજીકના કુટુંબીયોને આપવા.

૪૦૦૦) કછ માંડવીના ઈમામવાડા માટે પાંચ હજાર રૂપીયાની રકમની જરૂર હતી, તેમાં મગદીશાવાળા શેઠ સર ફાઝલભાઇ હાશમે રૂ. ૧૦૦૦ આપેલા, બાકી ૪૦૦૦ ની જરૂર હતી તેમાં આપ્યા.

૫૦૦) જાનવરો ચારા માટે દુખી છે તે માટે આપ્યા.

એ મુજબ મજકુર મરહુમ શેઠની રૂહના સવાબ માટે છોંતેર હજાર રૂપીયાંની નાદર રકમ સખાવત કરવામાં આવી, ઊપરાંત એ શેઠો તરફથી આગળ મગદીશામાં ઘણી સારી સખાવતો થઇ છે, ખુદા મરહુમને જન્નત નસીબ કરે, અને એ સખાવત કરનારાઓને દીન દુન્યામાં નેક અજર આપે.

# લાયકને લાયક માન.

ઇ. "ડમરા" માંથી તા. ૨૮-૪-૨૩ નાં રા. રા. માનવંતા શ્રીયુત કવલીઅરી શેઠ હાજી ફાજલભાઇ હાશંમ સ્વદેશ પોતાના વતન કચ્છથી મુંબઈ રસ્તે પોતાના ફરઝંદ અહામદભાઇ હાજી ફાજલની સાદી ઘણીજ ધામધુમથી રૂડી રીતે કરી પધાર્યા તે વખતે તોઓ શ્રી ને માન આપવા ગામનાં સંભાવીત ગૃહસ્થો દરેક ઇંડીયન યુરોપીયનો આરબો અને અહીંની વસ્તીનાં સોમાલી લોકો મોટા ઉત્સાહથી ધજા, પતાકા, વાવટાથી વીયાલે જામા શણગારી મોટી તૈયારી કરી સામા લેવા કસ્ટમમાં ગયાં હતા.

શ્રીયુત હાજી ફાજલભાઇ અત્રેની ઇટાલીયન સરકારનાં માન પામેલાં એકલા હીંદી અગ્રેસર વેપારી હોઇ પોતાનાં હીંદીભાઇઓનું સ્વમાન અનેક ભોગે જાળવી રહ્યાં છે. તેથી લાયકને લાયક માન આપવાં આખો મગદીસો ઉત્સાહ બતાવે તેમાં નવાઇ નહિ. કારણ તેઓ પોતાનાં હીંદી ભાઇઓ ઉપરાંત અત્રેની વસ્તી પ્રજાના ઘણાજ માનીતા છે. અને દરેકનાં કામો વીના સ્વાર્થે પોતાના ઉતમ વખતનો ભોગ આપી આનંદથી કરી આપી નીરાભીમાની રહી દુનીયાની પોતાની ફરજ અદા કરે છે.

તેઓ શ્રી "ડમરા" ઉપરથી મચ્છવામાં ઉતરતાં અહીની વસ્તી ઉમંગમાં આવી પોતાનાં વાંજીત્રો વગાડી નાચવા લાગી ગયાં હતા, અને કીનારે આવ્યા બાદ દરેક હીંદી ભાઇઓએ મોટા આનંદથી હસ્ત ધુનન કરી અળી ભેટી મોટા સમુદાય સાથે પોતાના કસટમ પાસેની પેહડી ઉપર વિશ્રામ લીધો હતો.

જ્યારે બ્રીટીસ તાબાનાં સંસ્થાનોમાં આપણાં ભાઇઓ કેનીયાં વીગેરે જગોએ સુખેથી રહી શકતા નથી. ત્યારે પર રાજ્યનાં આ બનાદર કોસ્ટામાં હીંદીઓનું માન પુરતી રીતે જળવાય છે. તેના કારણ ભુત કવલીઅરી હાજી ફાજલભાઇ હાશમ ગણીએ તો કાંઇ અતીશી યોકતી ગણાય નહીં કારણ તેઓ આ કોલોનીયામાં ઇટાલીયન અમલ પહેલાંથી પોતાનું સ્વમાન જાળવતા આવ્યા છે તેવીજ રીતે પોતાનાં હીંદી ભાઇઓનું સ્વમાન જળવાઇ તેને માંટે સતત પ્રયત્નો કર્યા છે.

અમો સઘળા હીંદી ભાઇઓ ખરા અંતઃકરણથી પરમ કૃપાળુ પરમાત્મા પાસે ચાહીએ છીએ કે શ્રીયુત ફાજલભાઇની દીનપ્રતીદીન ચડતી કળા પરમાત્મા કરે એજ. લી. મગદીસાનાં સઘળા હિંદી ભાઇઓ તરફથી—

શા. જમનાદાસ કાળીદાસ.

## પરચુરણ બાબતો.

**ઇરાન**માં ખુરાસાન જીલ્લામાં મશહદથી ચાળીસ ગાઉ છેટે "તુરબતે હયદરી" તથા તેની અતરાફનાં ગામડાઓમાં ગયા એપ્રીલમાં એવો ધરતીકંપ થયો કે છ ગામડા તારાજ થઇ ગયા, માણસો સહીત ઉંધા વળી ગયા, તુરબતે હયદરીમાં ઘણા મકાનો પડી ગયા, તમામ ચાર હજાર જાનોની ખુવારી થઇ, તેમાં ત્રણ હજાર લાશ મળી આવી છે, બગદાદ છાપામાં છે કે ચઊદ માઇલના વીસ્તારમાં ત્રીસ ગામડાએ નાશ પામ્યા છે.

**કહેર તથા ગઝબ,** ઉપર મુજબ ઇરાનની ખબર છાપાઓમાં પ્રગટ થઇ ત્યાં ઇટલીમાં જવાળામુખી ફાટી નીકળવાની ખબરો પ્રગટ થઇ છે, રોમ ખાતેથી એવી ખબર મળી છે કે જવાળામુખી પરવત માઉન્ટ એટના ફાટી નીકળવાથી ભયંકર પરીણામ આવ્યું છે. ત્રણ ગામો અને સંખ્યાબંધ નાના ગામડાએ ધગધગતા લાવા હેઠળ દટાઇ ગયા છે. અને લીંગ્યુએગ્લોસા શહેર લાવાથી લગભગ ઘેરાઇ ગયું છે. પાંચ જબરદસ્ત ધડાકા થયા હતા જેથી ચોતરફ ત્રાસ ફેલાયો હતો અને લોકોએ નહાસવા માંડયું હતું. સ્ત્રીઓ અને બાળકોએ આંખમાં આંસુ સાથે પરમાત્મા અને વરજીન મેરીની સહાય માટે પ્રાર્થના કરી હતી. ફેરીગીગીન અને આજુબાજુના ગામોમાંથી લોકોના ધાડેધાડા ખીણમાં ફેરી નહાસતાં હતાં અને લાવા કયાં સુધી આવ્યો તે વખતો વખત પાછું ફરી જોતા હતા.

ધડાકા બાદ બળતા અંગારા ચોતરફ ઉડયા હતા. એવી હવા સર્વત્ર ફેલાઇ ગઇ હતી અને દશ માઇલ સુધી બળતા પથરો પડવા હતા. જવાળામુખીના શખરની હેઠળના ભાગની તરાડમાંથી લાવા ઉભરાઇ જાયછે. ફેઓરમીનાથી બળતી ભઠી જેવો દેખાવ જણાય છે. આખો દેશ કાળા ધુમાડાના કવચ ગયો છે.

## શાદી ખાના આબાદી.

(૧) મરકા (ઇટાલી)માં શેઠ સુરાજભાઇ ઊકેડાના પૌત્ર મુસાભાઇ હાજી અલીભાઇની શાદી, મરકાવાળા શેઠ હાજી મોહમ્મદભાઇ હાજી સુરાજની દુખ્તર બાઇ કુલસુમબાઇની સાથે ગયા ઝિલકાદ મહીનાની ૪ થી તારીખે થઇછે.

(૨) મરકા (ઇટાલી)માં શેઠ સુરાજભાઇ ઊકેડાના નવાસા રમઝાનઅલી વલીભાઇ રહેમતુલ્લાભાઇની શાદી, મરકાવાળા શેઠ જુમાભાઇ હાજી અલીદીના સુરાજની દુખ્તર બાઇ ફાતમાબાઇ સાથે ગયા ઝિલકાદમહીનાની તા૦ ૭મીના થઇછે.

(૩) મુંબઇવાળા શેઠ જાફરભાઇ પરધાનભાઇના ફરઝંદ મુસાભાઇના દીકરા યુસુફઅલીભાઇની શાદી, મુંબઇવાળા શેઠ કરીમભાઇ ઇબ્રાહીમની દુખ્તર બાઇ ખદીજાબાઇ સાથે ગયા મે મહીનાની તા૦ ૨૪ મીના થઇ છે.

(૪) વરતેજમાં શેઠ નજરઅલી હસનભાઇ મોહમ્મદ મુખીના ફરઝંદ રમઝાનઅલીભાઇની શાદી ગયા ઝીલકાદ મહીનાની તા૦ ૭ મીના થઇછે.

(૫) ભાવનગરમાં શેઠ નુરમોહમ્મદભાઇ કાસમભાઇના ફરઝંદ હબીબ ભાઇની શાદી ગયા માસમાં થઇ છે.

અલ્લાહ તઆલા એ સર્વે શાદીયોને મુબારક કરેઆમીન.

## મશહદ ઝીયારત માટે ગયા.

મુંબઇથી તા૦ ૨૯-૫-૨૩ ના શેઠ રમઝાનઅલીભાઇ મેગજીભાઇ બાલ બચ્ચા તથા નોકરો મળીને ૧૧ જણ, તથા હબણુ હયદરાબાદવાળા મોલાના જનાબ સદરૂલ ઓલમાઝ મોલવી ગુલામહુસેન સાહેબના ફરઝંદ જનાબ મોલવી સય્યદ આગાસાહેબ, તથા મુંબઇવાળા શેઠ હાજી ગુલામઅલી નુર-મોહમમ્મદભાઇ વલી, તથા મહુવાવાળા શેઠ હાજી શરીફભાઇ હાશમભાઇ, તથા કેટલાંકના નામ મળ્યા નથી એ સર્વે આગળ પાછળ દુઝદાબને ખુશ્કી રસ્તે રવાના થઇ ગયા છે, હવે તો ઇ૦ થોડા દીવસમાં વતન આવી પહોંચશે, અને મહુવાવાળા શેઠ હાજી રેમતલાભાઇ વીરજીભાઇ ગયા માહે રમઝાનમાં કરબલા વીગેરે જઇ તેહરાનને રસ્તે મશહદ જઇને દોઝદાબને રસ્તે હાલમાં મહુવે આવી પહોંચ્યા છે, ખુદા એ સર્વેના ઝીયારતો વી૦ કબુલ ફરમાવે, આમીન.

**હજ** કરવા માટે અમદાવાદથી શેઠ વેલશીભાઇ શંવજીભાઇ ગયા માસમાં રવાના થયા છે.

**જવાબ** ૧-ભાઇયો મુલાકેઝો જાળવીને કબ્રસ્તાનમાં મરહુમોની અરવાહોને ફાતેહા પડવા જાએ તો ગુનાહ નથી. ૨-"કન્ઝે મખ્ફી" કે જુવે તે દેખનો હીતાબમાં જે દોઆ પડાના વખત કે ગણત્રી લખી નથી તે બ.મે જાણવું કે જેના માટે વખત કે ગણત્રી વારીદ થઇ નથી તે લખેલ નથી, પણ દરેક દોઆ સુબ્હની નમાઝ પછી પડે તો સારૂં છે, ઉપરાંત જુવે તેટલી વખત હાજત પુરી થાય ત્યાં સુધી પડયા કરે.

**મસ્જીદનો** કામ નહુતી કઠાવાડમાં ઘણા વરસથી પડ્યો હતો, હવે ધમધોકાર કામ ચાલુ થયું છે, હજુ પાંચ હજાર રૂપીયા હશે તો કામ પુરૂ થશે માટે સખી ગ્રહસ્થોએ એ ખુદાનું ઘર બનાવા માટે જરૂર મદદ કરીને અઝીમ સવાબ મેળવવો, લ૦ નાંદુની શી. ઈસ્નાઅશરી જમાતના સલામ.

**જામનગર** તાજીયા ફંડ માટે અપીલ, તેના મેનેજર સાહેબ તરફથી લંબાણથી આવેલ છે, પણ જગ્યા તંગ હોવાથી ટુંકમાં એ કે મોહોરમ નજીક આવેછે, માટે આશકાને હુસયન અ૦મે બહુજ તાકીદે મરજી મુજબ મદદ શેઠહાજી બસીભાઇ હાજીજાફરભાઇ ઠે૦ ખોજાવાડ કરીને મોકલવા તસ્દીલેવી.

**લાભ લીધો**—શ્રી મુંબઇ ખોજા શીઆ ઇ૦ અશરી હસ્તકની લાઇબ્રેરી હસ્તક ગયા મે માસમાં (૧૩૨૮) ગ્રહસ્થોએ લાભ લીધો છે.

**વેવિશાળ**—શ્રી જંગબારવાળા મી૦ હસનઅલીભાઇ ફાજલ જાનમામદ માસ્તર "ધી સમાચાર" પેપરના અધિપતીનું સગપણ શ્રી જંગબાર મધે શેઠ રહેમતુલ્લાહ અલારખિયા કાનજીનિ દુખ્તર સકીનાબાઇ સાથે તા૦ ૩૦ શાઅબાનના થયું છે, જેનિ મુબારકી આપીએ છીએ.

મુંબઇ—શીઆહ ઇસ્નાઅશરી સર્વી સલીંગમાં શાબાન, માહે રમઝાન તથા શવ્વાલમાં નીચે મુજબ અમલ થયો છે—

એથી પહેલે ૪૩ જણને નોકરીએ લગાડયા છે. તે હાલસુધી માં ૯૮ જણને નોકરીએ લગાડયા છે, રોકડ મદદનિ સંખ્યા ૧૭ની હતી તે ૨૨–ની થઇ છે, ખેરાતફંડની મદદ ચારથિ વધીને ૬ જણને આપી છે. હ૦ અ૦ અ૦ના ફંડનિ મદદ ૮ થી વધીને ૧૨–સુધી થઇ છે.

## ઘડાઈના મુલમાં રૂપાની ફીરોઝાની વીંટીયો;

ફીરોઝાનિ વીંટી રૂપામાં સારિ ઘડાઇનિ રૂા. ૨) તથા ફીરોજા સાથે બીજો કોર્ણી કાંકરો મળિ બે નંગવાળિ ઉમદા રૂા. રાાા તથા ફીરોઝાની આજુ બાજુમાં જુદી જાતના બે કાંકરા તે મળિ ત્રણ કાંકરાવાળિ ખુબસુરત ઘડાઇના રૂા. રાાા પોસ્ટેજ જુદુ, તાકીદે મંગાવો.

અવલાદ—થતી નહોય તેમના માટે ફીરોઝા ઉપર કુરાનનિ એક આયત કોતરીને પહેરતો ખુદા અવલાદ અતા ફરમાવે છે, એવા કોતરાવેલા હલકા ફીરોઝા થોડાક છે; દરેકના રૂા ૧ાા હલકા ફીરોઝામાં એટલા માટે કોતરાવેલ છે કે જો ન ખપે તો નુકસાન નજીવું થાય; માટે મરજી પડે તે મંગાવી તે વીંટીમાં બેસારિને પેહરે.

## ઝાએકુએ માતમ તૈયાર છે

ઘણા ખરીદારોની ખાહીશ હોવાથી ચાલીસ મજલીસની કીતાબને ગુજરાતી અક્ષર અને ઉરદુ ભાષામાં ૧૩ મજલીસનો એક ભાગ તય્યાર કર્યોછે, એ કીતાબના પાંચ રૂપીઆ કિમત રાખેલી તેથી આ પહેલાં ભાગનો રૂા. ૧ાા રાખ્યો છે માટે જો આ હાથોહાથ ઉપડી જશે તો૦ ઇ૦ બીજા બે ભાગ જુદા જુદા ૧૩ તથા ૧૪ મજલીસના અથવા ૨૭ નો એક ભાગ ઠીક પડશે તેમ બાહેર પાડીશું, આમાં નવકે નવકે મરસીયાના બંધ ઘણે ભાગે છે, તાકીદે મંગાવો.

## ગુલીસ્તાને પંજેતન

### જેનું બીજુ નામ મસાએબે પંજેતન છે તે તય્યાર છે.

એ મરસીયા, નુજરા, સોઝ, મદેહ સલવાતની કીતાબ એવી પસંદ પડી કે હાથો હાથ ઉપડી ગઇ તેથી નવી આવૃતિ છપાવીને તય્યાર કરેલી છે, અને તે પણ ઝડપથી ઉપડતી જાયછે માટે તાકીદે મંગાવો, મોડુ કરશો તો ત્રીજી વખત છપાવાની રાહ જોવી પડશે.

જેમાં ૪૨–મરસીયાહ એવા એવા છે કે કેટલાકમાં મોઅજીઝા, કેટલાકમાં મજલીસ કરવાનો સવાબ, કેટલાકમાં ફઝાએલ, અને શોહદાએ કરબલાના

અહુવાલ દરેકમાં છે.

ઉપરાંત ૧૯ સલામ ૧૩ મુજરા, ૬૬ સોજ ૩૫ રૂબાઈ, ૧૩ નવહા, ૨ વાવયલા ૨ અવલીદાઅ, ૧ કસીદો મોટો, ૨૧૮ કડીનો; ૨ વય રાગનામા ૩ સલવાત જેમકે " સલવાત કે ઊસપે નીસાર ગોહર. જો નચીયે બુલંદ સીફાતહુએ" વીગેરે ૧૦ મનાકીબ ૧=મરહુમની મોલુદની મજલીસમાં પડવાનો તીજો જેમકે " યાઇલાહલ આલમી યેહ ઇલ્તીજા કીજે કુબુલ" નવ બંધમાં, ૩૩૨ પેજ સફેદ કાગળ ફુલવેલવાળું છીટનું ખુશનુમા સોનેરી નામવાળું પાકું પુઠું, છતાં કીમ્મત ત્રણ રૂપીયા પો. જુદુ.

## બોસ્તાને કરબલા તૈયાર છે

ઘણી મુદતથી ખલાસ થવાથી હાલમાં છપાવીને તય્યાર કરી છે, ઘણો વધારો કર્યોછે. જેમાં હ૦અલી અકબર અ૦ની વીલાદત અને શાહે હલબે તેમને પોતાની દીકરી આપવાનો ગમખ્વાર અહવાલ છે તે મરસીયો તથા બીજા ૧૩ મળીને ૧૪ મરસીયાહ, ઉપરાંત નવહા સલામ,બયત,રૂબાઇયાત, હ૦અલી અ૦ની વીલાદતની મનકબત બારમા ઇમામ અ૦ની ઝુહુરની મનકબત છે, રૂા. ૧

## પંદર રૂપીયે પણ મળતી નહતી તે કીતાબ

ઉરદુ હરફ અને ઉરદુ ભાષામા એક સુન્નિ મોલવિ સાહેબે ઘણે ભાગે સુન્નત જમાતનિજ સોઅતબર કીતાબોથિ હ૦અલીઅ૦નિ સવાનેહે ઉમરી (જીવન ચરીત્ર ) એવિ રીતે લખેલ છે કે કોઇ જરૂરી બાબત બાકિ રાખી નથિ આપનિ વિલાદતથિ તે શહાદત સુધી આપના નામ મુબારક, લકબ રાખવાનું કારણ તેના અર્થ, આપનિ શાનમાં કુર્આનનિ આયતો હદીસો, કમાલાત, ફઝાએલ વિગેરે એવિ એવિ બાબતો લખી છે કે જેના સાંકળયાના આઠ પેજ છે, એ દર્યાને જાણે કુંજામાં ભર્યો છે છતાં પણ ૭૦૦ સાતસો પેજ થયા છે, શીઆહ અને સુન્ની બન્નેએ વખાણી છે, શીઆહ માટે તો અમુલ્ય મોતી છે. એ એવી પસંદ પડી કે હજારો કોપીયો ઉપડી ગઈ, બે વખત છપાણી તો પણ ખલાસ થવાથી પંદર રૂપીયે પણ મળતી ન હતી,તે ત્રીજી વખત છપાણી છે જેની દસ નકલ અમોએ મંગાવી છે, તેની કીંમત છપાવનારે પુઠા વિનાના સાડા ચાર, અને પુઠા વાળીના સાડા પાંચ રાખ્યા છે, તેજ કીંમત અમે પણ પુઠાવીના સાડાચાર રાખી છે, અમારે ત્યાં પુઠા ઓછી કીંમતે બંધાતા હોવાથી સળંગ છીંટના દસ આના રાખ્યા છે. પોસ્ટેજ જુદુ.

તા૦ક૦ અમોએ મજકુર કીતાબનો ગુજરાતી ભાષા અને ગુજરાતી હરફમાં અઢી વરસથી મોટા ખરચે તરજુમો કરાવી રાખેલ છે અને છાપવાનો વિચાર કરીયે ત્યાં બીજા કામ આવી પડતા,પણ હવે છાપવો ચાલુ કરી આપી છે.

## ઈલાહી બેહકકે અઈમ્મએહોદા, ઉન્હેબક્ષદેજોકરગએહૈંકઝા.

ભાવનગર રાહેનજાત ઓફીસના મુન્શી ફીદાહુસેનભાઈ યુસુફભાઈ વરતેજમાં ગયા માહે શવ્વાલની ૯–મી તારીખે ક્ષયની બીમારીમાં ભરજવાન પચીસ વરસની ઉમરે ખુદાની રહમતે પહોંચ્યા છે. તેઓ વરતેજના રહીશ હતા, બચપણથી મા બાપ ગુજરી ગીએલ, તેમને ભોજપરા, લાલપુર વી૦ના મદરસામાં મુલ્લા અલાદીનભાઈ હાજી ઇસમાઇલને હસ્તક દીની તાલીમ અપાવીને લખનઊ બેવરસ મોકલીને વધારે તાઅલીમ અપાવી, અને ત્યાંથી આવ્યા પછી રાહેનજાત ઓફીસમાં રહેવું તેમણે વધારે પસંદ કર્યું, અને ઇમાનદારી તથા નમક હલાલીથી નોકરી કરી, તેમની જેવા નમકહલાલ હજારમાં એક હશે, પોતાની હયાતીમાં જે કાંઇ સખાવત પોતાના ગજા મુજબ હતું તેની કરી, રૂ. ૭૧ કઝા નમાઝ રોઝા માટે આપ્યા, હાલમાંજ બેવરસ થયા શાદી થઇ હતી, મોહરદારે મહર માફ કરેલી, અને જુજ ઠામ કપડા વીગેરે હતું તેમાંથી વારસા તરીકે ભાગ લેવા ચોખી ના પાડવાથી તે બાઇને એક ડોશી સાથે તેમના બાપને ત્યાં મોકલાવી આપી, કપડા થોડુંક રોકડું માગ્યા મુજબ આપ્યું; બાકી જે સેજસાજ હતું તેમાંથી પચાસ રૂપીયા ખર્ચીને વરતેજમાં ઝીયારતને દીને મજલીસ કરીને નયાઝ કરી, બાકી જુજ છે તે ટાંકાની મજલીસોમાં ખલાસ થશે, ખાટલો ગાદલુ વીગેરે મુસાફરખાનામાં આપ્યું, જુના કપડા ગરીબોને આપ્યા, નમાઝે વહશત પણ ૪૦ પડાવીછે. ખુદાવંદે કરીમ મરહુમને આલી દરજા અતા ફરમાવે સગાવ્હાલાઓને સબર અતા કરે, મરહુમના ગુજરવાથી અમોને ઘણી અડચણ આવીછે, કાગળોના જવાબો તથા આંકડા મોકલાણા નથી, તેમજ ઓફીસનું કામકાજ તેમના ભાગનું વધી પડ્યું છે, કોઇ લાયક માણસ તેમના જેવો હજુ મળ્યો નથી.

૨–પાટણ-માં શેઠ કરમાલીભાઇ ગીગાભાઇની મોહરદાર ગયા માસમાં ખુદાની રહમતે પહોંચેલ છે.

૩–અમદાવાદમાં શેઠ ગુલામઅલીભાઇ કાસમઅલી ઘડીઆળીની મોટી દીકરી ખુદાની રહમતે પહોંચી છે.

અલ્લાહ તઆલા એ સર્વે મરહુમોને જન્નત નસીબ કરે વારસોને સબર અતા ફરમાવે આમીન.

ભાવનગર—ખોજા શી. ઇ. રીડીંગ રૂમ અને લાયબ્રેરીનો ગયા જુનમાં ૨૮૪ ગ્રહસ્થોએ લાભ લીધો હતો.

# બીલોહર અને યુઆસુફનો કિસ્સો.

જેની અંદર:—એક બુત પરસ્ત બાદશાહના છોકરાએ હીદાયેત પામીને હાદી થવાનો બહુજ ઉમદા રસિક અને નસિહત ભરેલો અહવાલ છે, એમાં એવી એવિ નસીહત કારક બાબતો છે કે તે મુકતઃ મન થતુ નથી ઘણા વરસથી ખલાસ થવાથિ બીરાદરોની માંગણીથિ છપાવીને તઇયાર કરેલ છે કી.રૂ૦॥ પો.જુદુ

## ઉરદુ હરફ અને ઉરદુ ભાષાની ઉમદા કીતાબો,

મઝકરૂલ મસાએબ જેમાં અઉદ માઅસુમ અ૦ની ઊપરાંત શોહદાએ કરબલાંના અહવાલની ૬૭ મજલીસ છે; ચાલુ જમાનાના થતા એઅતેરાઝોની બહુજ ખુબી સાથે જવાબ અને દાખલા આપ્યા છે, અહલેબયત અ૦ના ફઝાએલ; પેજ ૫૨૬. રૂ. ૩॥

એજ કીતાબનો બીજી ભાગ લગભગ તેવોજ છપાણો છે. રૂ. ૩

હયાતુલ હયવાન જેમાં હયવાનોનો અહવાલ, ખાસીયત, ફાયદા, નુકશાન, ઉતપત્તી વીચીત્ર જાણવા જેવી બાબતો વીગેરે ખુલાસાથી લખેલ છે, મોટા પેજ આશરે એક હજાર છે. ભાગ-૨ કીંમત રૂપિયા સાડાપાંચ હરેક ભાગના પુઠાના રૂ. ૦ા⌐ પોસ્ટેજ જુદું.

અજાએબુલ મખલુકાત તેમાં ઘણા હયવાનો [illegible] વીગેરેના ચીત્ર આપીને તે કયાં કયાં હોય છે તે તથા અજાએબ અને વીચીત્ર હયવાનોનો દેખાવ આપ્યો છે, મોટા પેજ છસો કીંમત રૂપિયા સાડાબાર પુઠાના ૦ા⌐ પોસ્ટેજ જુદું.

ઝખીરતુલમુત્તકીન દોઆઓ, સુરાઓ. અઅમાલ. મસઅલા, મસાએલ, વીગેરેની મોટી અને મશહુર કીતાબ, દીનની લગભગ તમામ બાબતોને જાણે કુજામાં ભરી આપી છે પેજ ૧૦૦૦ કીંમત રૂ. ૩॥ પુઠાનો રૂ.૦॥ પોસ્ટેજજુદુ.

ઝાએકએ માતમ ૪૦ મજલીસની જેમાં ઘણે ભાગે સારા મરસીયાહના બંધ આપેલ છે; હરેક મજલીસ જુદી જુદી છે પેજ ૭૬૦ કીંમત રૂ. ૨॥⌐ પુંઠાના રૂ. ૦ા⌐ પોસ્ટેજ જુદુ. અને આ કીતાબને ગુજરાતી હરફમાં પહેલા ભાગ તરીકે ૧૩ મજલીસની છાપીછે, કીંમત પુઠા સુધ્ધાં રૂ. ૧ા પોસ્ટેજ જુદું.

ફઝાએલુલકુર્આન કુર્આને શરીફના તમામ સુરાઓ પડવાનો જુદોજુદો સવાબ તથા તેના તથા આયતોના ફાયદા અમલ, વીરદ, વીગેરે વીગેરે ઘણુંજ તફસીલથી લખેલ છે, પેજ ૪૦૦ કીંમત રૂ ૧॥⌐ પુંઠાના રૂ. ૦ા⌐ પોસ્ટેજ જુદુ.

**અયનુલહયાત** જેમાં ઉસુલેદીન ફુરૂએદીન, ઘણી હદીસો, પરહેઝગારી, બીલોહર અને મુજાસુફનો કીસ્સો, તેમજ ઘણીજ નાની નાની નસીહત ભરેલી હીકાયતો, ઇલ્મની ફઝીલત, અહલેબયત અ૦ની તારીફ, કુરઆને શરીફના સુરાઓનો સવાબ, કેટલાક ખુતબાઓનો તરજુમો વીગેરે વીગેરે જેનું સાંકળીયું સાત પેજમાં છે. પેજ ૫૪૦ ખલાસ થવા આવો છે કીંમત રૂા. ૨ાા પુંઠાના રૂા. ૦ા– પોસ્ટેજ જુદુ.

બિજી કેટલીક કીતાબો મોજુદ છે મરજી પડે તે ટુંક લીસ્ટ મંગાવિને પસંદ પડે તે કીતાબ મંગાવે.

**જામેશહાદત** શવકતના મશહુર નવહાની બયાઝ જેની અંદર બહુજ ગમ અને રીકકત કરાવનારા ઊમદા ઊમદા ઘણાં નવહા છે, જેના બે ભાગ છે અને પહેલા ભાગમાં ૧૫૪ નોહા છે. અને પેજ ૩૦૦ છે. બિજા ભાગમાં ૧૬૩ નોહા છે, અને પેજ આશરે ૩૦૦ છે. બન્ને ભાગની કિંમત રૂા. ૩) પોસ્ટેજ પુઠાનું જુદુ આવિ બયાજ આપણામાં હજુસુધી કોઇ બાહેર પડિ નથી.

## કમરેબની હાશમ હ૦ અબ્બાસ અ૦નું જીવનચરિત્ર.

હ૦ અબ્બાસ અ૦ની વીલાદતથી શહાદત સુધીનો બલકે શહાદત પછીનો ઘણો અજાએબઅહવાલ, આપની શુજાઅત આપની બહાદુરી અને એક મગરૂર નામીપહેલવાન સાથે લડાઇ, આપના ઊમદા ઊમદા મોઅજીઝા, આપે પોતાનાકાતીલને દુન્યામાં અઝાબ કરવો. આપના ઘોડાનો ચીત્ર અજબ અહવાલ રૂ. ૦ાા

## રાહેનજાત કીતાબ ૩૨ અંક ૧—લાનું સાંકળીયું.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | નવું વર્ષ મુબારક | ...૧ | ૯ | ફઝાએલ વમસાએબ... | ...૧૮ |
| ૨ | માસીક પંચાંગ... | ...૨ | ૧૦ | મુલ્લા દોપ્યાજા ... | ...૨૦ |
| ૩ | મહાન તઅરીફ... | ...૩ | ૧૧ | મુસાવાતનામસઅલાનાફેસલા... | ...૨૫ |
| ૪ | મેઅરાજુસ્સઆદાહ ... | ...૫ | ૧૨ | ગદીરે ખુમમાં ખુતબો ... | ...૪૧ |
| ૫ | ખુરીઇચ્છા ... | ...૮ | ૧૩ | શેઠ ચમન ... | ...૪૯ |
| ૬ | વિશ્વધર્મ ઇસ્લામ. ... | ...૯ | ૧૪ | કચ્છ ભારાપુર ... | ...૫૨ |
| ૭ | તાકફ્તુનીસ્સા... | ...૧૪ | ૧૫ | લાયકને માન ... | ...૫૩ |
| ૮ | બન્ને ઇદ મુબારક ... | ...૧૭ | ૧૬ | પરચુરણ ... | ...૫૪થિ૬૦ |

આવી કીતાબની બીજી આવૃતી છપાતા વર્ષો નીકળી જાય, માટે જેમ "શહાદતુલઅવલીયહ" વી૦ લેવામાં ઢીલ કરી, અને પાછળથી અધુરા પાના વાળી કેટલાંકને લેવી પડી, અને તે પણ ખલાસ થવાથી બીજી આવૃતીની વરસાદની જેમ રાહ જોવામાં આવે છે, તેમ આના માટે પણ ઈન્શાઅલ્લાહ થશે, માટે જેઓ આ અમુલ્ય મોતીના ખાસ શોખીન હોય તેમને અરજ કે છ રૂપિયા મોકલીનેજ નામ નોંધાવો, કેમકે ફોટાના ઝીંકો બનાવા મોકલ્યાછે, અને લખાણ તય્યાર થાય છે, પહેલે ગ્રાહક થશે તેમના મુબારક નામ યાદી તરીકે ઇ૦ કીતાબમાં દરજ થશે, અને ગ્રાહક થવાની રાહ જોયા વીના ઈન્શા-અલ્લાહ ઝડપથી છાપીશું.

લ૦ ખાદીમે કૌમ હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ.
ઠે૦ હેરીસરોડ, ભાવનગર કાઠયાવાડ.

**રૂપાના માદળ્યા,** અજ્જે તાવીજોનું એક તાવીજ અઢી તથા પાચ રૂપીયાના હદયાવાળા, સુકી કલમથી ખાસ ઇસ્મ લખેલ તાવીજો; કેટલાંક મંગાવે છે ત્યારે રૂપાના માદળ્યામાં પેક કરીને મોકલવા લખેછે, પણ અત્રે કોઇ મન પસંદ બનાવી આપતા નથી, એક રૂપીયો ઘડાઇ લેવા છતાં સારા બનાવી ટેમસર આપતા નથી, તેથી અમો મશહદથી ફકત વીસ માદળ્યા લાવ્યા છીએ, આશરે દોઢ ઇંચ લાંબા, ગોળ કે એ તાવીજની ઘડી કરવી ન પડે ગોળ વીટીને રખાય, ઢાંકણા સહીત નકશીદાર ત્રણ નાકાવાળા કે દોરો પરોવીને ગળામાં ટંગાય, બાજુ ઉપર બંધાય, કીંમત બે રૂપીયા.

**વકફ** "હદીસે કીસા" માડાગાસ્કર લેજુવાળા શેઠ અલીભાઇ દેવજીભાઇ તરફથી છપાયછે, આ અંક સાથે મોકલી શકયા નથી. ઇ૦ આવતા અંક સાથે સર્વે ગ્રાહકોને મોકલી આપીશું.

## હાજતમંદોને માટે (૪૦ દોઆઓનો) ઉમદા તોહફો.

જેની અંદર મુરાદો બર આવવા માટે ચુંટીને ઉમદા ચાલીસ દોઆઓ છપાવી છે, કીંમત ના૦ પો. જુદુ થોડી નકલો છે જુવે તે તાકીદે મંગાવે.

રોજતુશ્શોહદા ૧૦ મજલીસનો રૂ ૧)ને બદલે હવે રૂ૧ા કર્યો છે.

### રાહેનજાત કિતાબ ૩૧ અંક ૪ થા નું સાંકળીયું.


૧—દીન દુન્યાના બેશુમાર ફાયદા... ૧૮૧
૨—હીદાયતફંડની હાલત ... ... ૧૮૨
૩ —મારીક પંચાંગ ... ... ... ૧૮૪
૪—મુસાવાત ... ... ... ... ૧૮૫
૫—ઇનામ. ... ... ... ... ૧૯૯
૬—કસીદએ ઇદેગદીર. ... ... ૨૦૦
૭—મરસીયહ. ... ... ... ૨૦૧
૮—જન્નતના દરવાજા. ... ... ૨૦૯
૯—કસીદહ ... ... ... ... ૨૧૮
૧૦-તોહફતુન્નીસા ... ... ... ૨૨૧
૧૧-હ૦ મ્હેદીઅ૦ ... ... ... ૨૨૩
૧૨-મરહુમોને તોહફો. ... ... ૨૨૫
૧૩-તોહફતુલ અત્ફાલ. ... ... ૨૨૬
૧૪-અયતુલ હયાત ... ... ... ૨૩૧
૧૫-તાઅલીમ અને તરબીયત- ... ૨૩૩
૧૬-અઝાદારીયે હુસેન. ... ... ૨૩૮
૧૭-પરચુરણ બાબતો... ... ... ...૨૪૧
૧૮-મશહદ કરબલાનાં કાફલા. ... ૨૪૨